
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

Published on 28th Every Two Month

મુખપત્ર





વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/-     છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૨૦     અંક : ૭/૮     સળંગ અંક : ૨૧૩/૨૧૪     ઓક્ટોબર / નવેમ્બર - ૨૦૨૫

: અધ્યક્ષ :
**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :
**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

# કારોબારી સંસદ સભા અંબાજી









# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

**કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,**

**હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર**

**www.shreesaraswat.com**

**વર્ષ : ૨૦ અંક-૭/૮ સળંગ અંક : ૨૧૩/૨૧૪ ઑક્ટોબર/નવેમ્બર : ૨૦૨૫ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦**



**-: અધ્યક્ષ :-**

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

**-: પ્રમુખ :-**

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

**-: મુખ્ય સંપાદક :-**

**શ્રી અમિત પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

**-: ઉપાધ્યક્ષ :-**

**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**

ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

**-: કલ્યાણનિધિ કન્વીનર :-**

**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**

શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

**-: અન્વેષક :-**

**શ્રી પંકજકુમાર સી. પરમાર**

એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી** | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ** | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ** | **શ્રી સુનીલકુમાર સી. બરોચિયા** |
| શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ. હાઈસ્કૂલ માણકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર | આર. કે. વિદ્યાલય, પેટલાદ. જિ. આણંદ | શ્રી ડી. કે. પટેલ સાર્વ. હાઈસ્કૂલ, થુવાવી, તા. ડભોઈ, જિ. વડોદરા. | આર.એલ. અમૃતિયા હાઈ., ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-નગર, ગુંદાળા રોડ, ગોંડલ. |
| (મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | (મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | (મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | (મો.) ૯૮૭૯૫૩૩૦૬૯ |

**-: પ્રમુખના મંત્રી :-**

**શ્રી પંકજકુમાર આર. પટેલ**

સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

**-: સારસ્વત સહ સંપાદક :-**

**શ્રી દિપકકુમાર પી. પટેલ**

લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

// શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,

હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર

www.shreesaraswat.com

વર્ષ : ૨૦ અંક-૭/૮ સળંગ અંક : ૨૧૩/૨૧૪ ઑક્ટોબર/નવેમ્બર : ૨૦૨૫ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦

## અનુક્રમણિકા

1. અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર ..... 05

2. મહામંત્રીશ્રીનો પત્ર ..... 07

3. વાલી જોગ સંદેશ ..... - સંજય પંડ્યા ..... 09

4. ગુરુકુળ શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન
- સંપૂર્ણ જીવન, વડોદરા ..... 11

5. સર્વગ્રાહી પ્રગતિ પત્રક (HPC) : રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની દૂરદર્શી પહેલ
- ડૉ. નીરવ ઠક્કર ..... 14

6. पढ़ाई का विज्ञान-९ ..... - પ્રાંજલભાઈ જોષી ..... 20

7. જમણો હાથ ખોટો છે ..... - દિનેશ માંકડ ..... 32

8. શિક્ષકનો પ્રવાસ - શિક્ષણથી આચાર્યપદ સુધી...
- જી. એસ. દેધરોટીયા ..... 35

9. આચાર્ય-પ્રેરક : શિક્ષક-વિદ્યાર્થીને આચાર્યની પ્રેરણા
- પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી ..... 41


10. છાત્રના દફ્તરમાં શિક્ષાપત્રી હોય, છરી નહીં...! છાત્રના હાથણાં શાસ્ત્ર શોભે શસ્ત્ર નહીં !
- વિઠ્ઠલ વઘાસિયા ..... 48

**નોંધ :** શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ તથા સંપાદક કે સહસંપાદક સંમત છે, તેમ માનવું નહિ.

# અધ્યક્ષશ્રી/પ્રમુખશ્રીનો પત્ર



**શ્રી જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ



**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

સુજ્ઞ સારસ્વત મિત્રો,

નમસ્કાર....... કુશળ હશો...

જ્ઞાનનું નવપ્રભાત, નૂતન સત્ર અને નવી આશાઓ સાથે આપ સૌને નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ ...

વેકેશનની ખુશીઓ અને ઉમંગ સાથે આપણે ફરી એકવાર જ્ઞાન અને સંકલ્પના માર્ગે ડગ માંડવા તૈયાર છીએ. આ સત્રએ નવી ઊર્જા, નવા લક્ષ્યો અને નવા પડકારોને સ્વીકારવાનો સમય છે. દિવાળીના દિવસોમાં આપણે અંધકાર પર પ્રકાશના વિજયની ઉજવણી કરીએ છીએ, અને આજથી શરૂ થતું નવું શૈક્ષણિક સત્ર પણ આપણા જીવનમાં જ્ઞાનના પ્રકાશને પ્રજ્વલિત કરવાનો અવસર છે.

નવા સત્રની શરૂઆત હંમેશા એક નવો જોમ લઈને આવે છે. ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે આ સમયગાળો અત્યંત મહત્ત્વપૂર્ણ છે. બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે, જે વિદ્યાર્થીઓના કારકિર્દીના ઘડતર તરફનું પ્રથમ મહત્ત્વનું પગલું છે. તમારો ઉત્સાહ અને સંકલ્પ જ વિદ્યાર્થીઓને સફળતાના શિખરે પહોંચાડશે.

મિત્રો, આપણા તાજેતરમાં ગુજરાત સરકારના નવા કેબીનેટ શિક્ષણમંત્રી મા. શ્રી ડૉ. પ્રદ્યુમન વાજા સાહેબ  તેમજ રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી મા. રિવાબા જાડેજા સાહેબશ્રીને રૂબરૂ મળી સંઘના હોદ્દેદારોએ શુભકામનાઓ પાઠવી. તેઓ શૈક્ષણિક પ્રણાલીને વધુ સુદૃઢ બનાવવા માટે કટિબદ્ધ છે. તેમનું સંકલન અને સહકાર આપણને સતત પ્રેરણા આપે છે. અને તેથી,

**મંઝિલ મિલે યા ન મિલે, ઇસકા ગમ નહીં;**
**બસ સફર કી રોશની કમ ન હોની ચાહિયે.**

હકારાત્મક અભિગમ સાથે આપણા આચાર્યકુળના રાજ્ય કક્ષાના નાણામંત્રીશ્રી કમલેશભાઈ પટેલ સાહેબ સાથે શુભેચ્છા મુલાકાતમાં તેમના વિભાગમાં શિક્ષણ ક્ષેત્રના મહત્ત્વના મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી. સાથે સાથે મા. ઉચ્ચ શિક્ષણમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા સાહેબને પણ રૂબરૂ મળી શુભકામનાઓ પાઠવી. આચાર્ય સંઘ આપણાં દરેક પ્રશ્નો માટે સંપૂર્ણ સજાગ છે.

વધુમાં આપ સર્વેને જણાવતા આનંદ થાય છે કે તાજેતરમાં રાજ્ય આચાર્ય સંઘની સંસદ કારોબારી સભા અંબાજી મુકામે મળી. જેમાં નક્કી થયા મુજબ આપણું આગામી શૈક્ષણિક અને વહીવટી અધિવેશન ભોજદે, તા. તાલાળા (સાસણગીર) મુકામે યોજવાનું નક્કી થયેલ છે. સારસ્વત મિત્રો, યાદ રાખો, શિક્ષણની આ સફર કોઈ એક વ્યક્તિની નથી. તે વિદ્યાર્થી, શિક્ષક, વાલી અને વહીવટી તંત્રના સામૂહિક પ્રયાસોનું પરિણામ છે. જ્યારે આપણે સાથે મળીને, એક સંઘ ભાવનાથી કામ કરીએ છીએ, ત્યારે કોઈ પણ લક્ષ્ય અશક્ય રહેતું નથી. તેથીજ આપ સૌ સારસ્વતો તેમજ ઘટક સંઘના પ્રમુખ/મંત્રીશ્રીઓના સહકારની અપેક્ષાએ ટૂંક સમયમાં સમગ્ર રાજ્યના આચાર્યોની (ગ્રાન્ટેડ) ઈ-એપ્લીકેશન બનાવવા જઈ રહ્યા છીએ, જે ભવિષ્યમાં દરેક આચાર્ય મિત્રને સંપર્ક માટે મદદરૂપ થશે ત્યારે સમયસર માહિતી પહોંચાડશો તેવી અપેક્ષા...

આપ સૌને ફરીથી નવા સત્ર માટે હાર્દિક શુભેચ્છાઓ સાથે...

**"સંઘે શક્તિ કલૌ યુગ"**

**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**

આપના,

**જયપ્રકાશ પી. પટેલ**
અધ્યક્ષ

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

## મહામંત્રીશ્રીનો પત્ર



**ભરત ચૌધરી**
મહામંત્રીશ્રી

આત્મીય સારસ્વત મિત્રો,

કુશળ હશો. કુશળતા ચાહતા કુશળ છીએ.

વિક્રમ સંવત 2082ના નૂતન વર્ષે આપણા રાજ્ય આચાર્ય સંઘના મુખપત્ર ‘સારસ્વત’ના માધ્યમથી મળી રહ્યા છીએ ત્યારે સૌને નૂતન વર્ષાભિનંદન. આ નવું વર્ષ તમામ સારસ્વત મિત્રો તથા તેમના પરિવારજનોને સર્વ પ્રકારે સુખ, સમૃદ્ધિ, તંદુરસ્તી અને દીર્ઘાયુ પ્રદાન કરે તેવી માં સરસ્વતીના ચરણોમાં પ્રાર્થના....

શાળાઓમાં દ્વિતીય શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું છે. શિક્ષકો, ક્લાર્ક, પટાવાળાની ઘણી જગ્યાઓ ખાલી છે. વહેલામાં વહેલી તકે તમામ ખાલી જગ્યાઓ ભરાય તે માટે રાજ્ય આચાર્ય સંઘ સતત પ્રયત્નશીલ છે. મિત્રો, જ્ઞાન સહાયક એ કરાર આધારિત હંગામી વ્યવસ્થા હોઈ આપણે બહુ વહેલા લાયકાતમાં છૂટછાટ આપવા માટે રાજ્ય સરકારમાં સતત રજૂઆત કરી, તેમ છતાં લાયકાતમાં છૂટછાટ ન આપવાના કારણે ઘણી બધી જગ્યાઓ ખાલી રહી છે. હવે પુનઃ લાયકાતમાં છૂટછાટ માટે સિંગલ ફાઈલ ચલાવવામાં આવી છે. આશા રાખીએ ઝડપથી તેનું નિરાકરણ આવે તો આપણી શિક્ષકોની તમામ ખાલી જગ્યાઓ જ્ઞાન સહાયકથી ભરાય અને વર્ગખંડો શિક્ષક વગર ના રહે. આગામી ફેબ્રુઆરી માસમાં બોર્ડની પરીક્ષાઓ યોજાવાની છે ત્યારે બાળકોના ભવિષ્યની ચિંતા માત્ર ને માત્ર આપણને છે. એક બાજુ શિક્ષકોની ઘટ અને બીજી બાજુ સરકારશ્રીના વિવિધ કાર્યક્રમો, પ્રવૃત્તિઓ તથા બીએલઓની કામગીરી તો ખરી જ. મિત્રો, આપણી મુશ્કેલી એ છે કે આપણે માંડ માંડ વારંવાર રજૂઆત કરી અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓને આપણી વાત સમજાવી શકીએ છીએ ત્યાં તો અધિકારીની બદલી થઈ જાય. અને આપ સૌ જાણો છો તેમ હમણાં તો રાજ્યના મંત્રીમંડળમાં ફેરફાર થયો છે ત્યારે આપણી સેવા જોડાણની

વાત હોય, ખાલી જગ્યાઓ ભરવાની વાત હોય કે અન્ય તમામ બાબતોની રજૂઆત આપણા સંઘ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. મિત્રો, અમે પણ જાણીએ છીએ કે અમુક ત્વરિત નિર્ણયની આવશ્યકતા હોવા છતાં ખૂબ વિલંબ થઈ રહ્યો છે, પણ છેવટે તો નિર્ણય સરકારશ્રીએ કરવાનો છે. ત્યારે આપણી પાસે સતત મથામણ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. મિત્રો, સંગઠનની રજૂઆતના કારણે ઘણા બધા પ્રશ્નોનો ઉકેલ આવ્યો છે એ પણ આપણે સ્વીકારવું જ રહ્યું અને જે બાકી છે તેનો પણ ઉકેલ આવશે જ તેવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે આપ સૌને નતમસ્તક વંદન કરી જેટલા અભિનંદન આપું તેટલા ઓછા છે. જે પ્રકારે આપ સૌએ સંઘની એક હાકલથી ગત 16 મી સપ્ટેમ્બરે સમગ્ર રાજ્યમાં યોજાયેલ “નમો કે નામ રક્તદાન” કાર્યક્રમને ભવ્ય રીતે સફળ બનાવી સામાજિક દાયિત્વનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જેના દ્વારા આપણા સંગઠનની એકતા અને શક્તિનો સમાજ અને સરકારને આપણે પરિચય કરાવી શક્યા છીએ. ખભેખભો મિલાવી રક્તદાન રૂપી સેવા યજ્ઞમાં આહુતિ આપનાર અપાવનાર સૌને સો સો સલામ.

મિત્રો, આપણું સંગઠન પર્વ એટલે રાજ્ય આચાર્ય સંઘનું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન, આગામી 54મું અધિવેશન સંભવિત તા. 1/2/3 જાન્યુઆરી, 2026 ભોજદે (સાસણ ગીર) મુકામે આપણે યોજવા જઈ રહ્યા છીએ, જેમાં સમગ્ર રાજ્યમાંથી તમામ સારસ્વતો જોડાય તેવી સૌને નમ્ર વિનંતી. મિત્રો, આપણા અધિવેશનને સફળ બનાવવા માટે આપની હાજરી અનિવાર્ય છે ત્યારે આપ સૌ પોતપોતાના જિલ્લામાં ડેલીગેશન ફી જમા કરાવી અચૂક નોંધણી કરાવશો તથા તમામ જિલ્લા શહેર ઘટક સંઘો તેમજ હોદ્દેદારશ્રીઓ પોતાને સોંપવામાં આવેલ જાહેરાત પણ સંસદ કારોબારીમાં મંજૂર કરવામાં આવેલ ટાર્ગેટ મુજબ લાવી સંગઠનને વધુ મજબૂત બનાવવા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરશો જ તેવા દૃઢ વિશ્વાસ સાથે સૌનો આભાર. જય જય ગરવી ગુજરાત... વંદે માતરમ્...

આપનો,
**શ્રી ભરત ચૌધરી**
મહામંત્રી,
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# વાલી જોગ સંદેશ

**સંજય પંડ્યા**, આચાર્ય
હ. લ.ગાંધી વિદ્યાવિહાર, રાજકોટ. (મો.) ૯૯૨૫૦ ૩૦૩૧૦

"જો શાળામાં શિક્ષક બાળકોને શિસ્ત માટે ઠપકો આપે કે ક્યારેક હળવી સજા કરે, તો માતા-પિતાએ તેને મનમાં ન લેવું જોઈએ. સમજી લો — શાળામાં શિક્ષકનો ઠપકો પોલીસની લાઠી કરતાં ઘણો સરળ છે."

આજે કેટલીક શાળાઓમાં કડક શિસ્તના નિયમો છે — વાળની સ્ટાઈલથી લઈને વર્તન સુધી — છતાંય બાળકોમાં ખાસ સુધારો દેખાતો નથી. શિક્ષકો નિરાધાર બનીને જોયા કરે છે, પણ કંઈ કરી શકતા નથી.

જ્યારે માતા-પિતા પોતાના બાળકો પરનો કાબૂ ગુમાવે છે, ત્યારે એ જ બાળકો સમાજ માટે મુશ્કેલી બને છે. શિસ્ત ફક્ત શબ્દોથી નહીં આવે; તેમાં થોડો ભય-ભાવના અને દંડ પણ જરૂરી છે.

હવે તો બાળકોને ન શાળાનો ભય રહ્યો છે, ન ઘેર પાછા ફરતાં ડર લાગે છે. એટલા માટે સમાજમાં અસ્થિરતા વધી રહી છે. જે બાળકો શિક્ષકની વાત સાંભળતા નહોતા, આજે એ જ નાની-નાની વાતે હિંસક બની જાય છે. ઘણા લોકોના જીવ જાય છે, અને બાદમાં એ જ બાળકો પોલીસના હાથ ચડે છે અને કોર્ટમાં સજા પામે છે.

"જે સમાજ પોતાના ગુરુનો આદર નથી કરતો, એ સમાજ નષ્ટ થઈ જાય છે." આ કડવું છે, પણ સત્ય છે.

આજે ન ગુરુનો ભય રહ્યો છે, ન માન. તો શિક્ષણ અને સંસ્કાર ક્યાંથી આવશે? જો કોઈ શિક્ષક બાળકોને અભ્યાસ કે વર્તન સુધારવા માટે કડક બને, તો શું એ એની ભૂલ ગણાય?

પાંચમા ધોરણથી જ કેટલાક બાળકો વિચિત્ર હેરસ્ટાઇલ, ફાટેલી જીન્સ, દિવાલ પર બેસવું, લોકોની મજાક ઉડાવવી જેવી આદતો અપનાવે છે. જો કોઈ કહે, "અરે સાહેબ આવી રહ્યા છે !" તો જવાબ મળે : "આવા દે !"

કેટલાક માતા-પિતા કહે છે, "અમારું બાળક ભણશે નહીં તો ચાલશે, પણ શિક્ષકે એને ઠપકો ન આપવો જોઈએ."

બાળકો પાસે ન સાચા પુસ્તકો છે, ન પેન-પેન્સિલ પૂરી. પેન હોય તો પુસ્તક નથી, પુસ્તક હોય તો પેન નથી. ભય વગર શિક્ષણ શક્ય નથી, અને શિસ્ત વગર શિક્ષણનો કોઈ ફાયદો નથી.

"જે મરઘી ને ડર નથી એ ઈંડા નથી આપતી." આજના બાળકોની હાલત પણ એવી જ છે.

હવે શિક્ષક કોઈ બાળકને ઠપકો આપી શકતા નથી, સજા આપી શકતા નથી કે કડકાઈથી સમજાવી શકતા નથી કારણ કે હવે બધું 'ફ્રેન્ડલી' વાતાવરણમાં કહેવું પડે છે. શું સમાજમાં પણ આવું થાય છે? પહેલી ભૂલ માફ થઈ શકે, પણ દરેક ભૂલની કિંમત ચૂકવવી પડે છે.

હવે શિક્ષકો પાસે અધિકાર રહ્યાં નથી. જો કોઈ શિક્ષક સીધો બાળકને સુધારવા પ્રયત્ન કરે, તો એ ગુનો ગણાય છે. પણ જ્યારે એ જ બાળક મોટું થઈને ગુનો કરે, તો એને ફાંસીની સજા મળે છે.

**માતા–પિતાને વિનંતીઃ**

બાળકોના વર્તનને સુધારવામાં શિક્ષકોની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. થોડા શિક્ષકોની ભૂલ માટે બધાં શિક્ષકોનું અપમાન ન કરો. ૯૦% શિક્ષકો ફક્ત પોતાના વિદ્યાર્થીઓના ઉત્તમ ભવિષ્ય માટે પ્રયત્નશીલ હોય છે — આ સત્ય છે. આથી હવે દરેક શિક્ષકોને દોષી ગણવાનું બંધ કરો.

અમારા સમયમાં શિક્ષકો અમને ઠપકો આપતા, ક્યારેક માર પણ પડતો, પણ અમારા માતા-પિતા ક્યારેય શાળામાં જઈને પ્રશ્ન કરતા નહોતા. તેમને ખબર હતી — શિક્ષક જે કરે છે એ અમારાં હિત માટે છે. સૌથી પહેલી જવાબદારી માતા-પિતાની છે : બાળકોને ગુરુનું મહત્વ સમજાવો. તમારા બાળકોના ભવિષ્ય વિશે ગંભીરતાથી વિચારો.

**બાળકોના બગાડવાના મુખ્ય કારણોઃ**

- ૬૦% દોષ: મિત્રો, મોબાઇલ, મીડિયા
- ૪૦% દોષ: માતા-પિતાની બેદરકારી

અતિ પ્રેમ, અંધશ્રદ્ધા અને બેદરકારી બાળકોને બગાડે છે.

આજના ૭૦% બાળકોમાં આ બાબતો સામાન્ય બની ગઈ છે :

• ઘરના કામમાં મદદ કરવાનું નાપસંદ. • ફક્ત ઑનલાઇન ઓર્ડર કરવાનું, બજારમાં જવાનું મન ન થવું. • પોતાની વસ્તુઓ યોગ્ય જગ્યાએ ન રાખવી. • માતા-પિતાની વાત વચ્ચે બોલવું. • રાત્રે મોડું સૂવું, સવારે મોડું ઊઠવું. • ઠપકો મળતાં ગુસ્સે થઈને વસ્તુ ફેંકવી. • પૈસા ફાજલ મોજશોખમાં વાપરવા. • નાની ઉંમરે બાઇક ચલાવવી, અકસ્માત કરવો. • દીકરીઓનો ઘરના કામથી ઉદાસીન વલણ. • મહેમાન આવતાં એક ગ્લાસ પાણી આપવાનું પણ મન ન થવું. • યોગ્ય કપડાં ન પહેરવા, દેખાવ પાછળ દોડવું. • ફેશન, ટ્રેન્ડ અને ટેકનોલોજીના નશામાં જીવવું.

અમે બધા આ પરિસ્થિતિ માટે જવાબદાર છીએ. આ કારણોસર અમે અમારા બાળકોને જીવનના સત્ય અનુભવો શીખવી શકતા નથી.

"જેને દુઃખનો અનુભવ નથી થયો, એ જીવનનું મૂલ્ય ક્યારેય સમજી શકતો નથી."

આજના કિશોરો ૧૫ વર્ષની ઉંમરે જ પ્રેમ, નશો, જુગાર, ગુનો અને આળસમાં ફસાઈ જાય છે. તેમના જીવનમાં કોઈ લક્ષ્ય નથી રહ્યું.

બાળકોનું ભવિષ્ય સુરક્ષિત રાખવું આપણી જવાબદારી છે. જો આપણે હમણાં ધ્યાન ન આપ્યું, તો આવતી પેઢી બગડી જશે.

તમારા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે, હમણાંથી જ પરિવર્તન લાવો.

"શિક્ષક દયા બતાવી શકે છે, પણ પોલીસ નહીં."

"શિક્ષકનો ઠપકો મફત છે, પણ પોલીસનો માર બહુ મોંઘો પડે છે."

માતા-પિતા સાવધાન બની જાવ ! આવતો સમય ખૂબ જ મુશ્કેલ છે. તમારા બાળકો શું કરી શકે એની કલ્પના પણ નહીં કરી શકો.

# ગુરુકુળ - શિક્ષણ વ્યવસ્થાનું પુનરુત્થાન

**લેખાંક–3 : સંપૂર્ણ જીવન, વડોદરા**

**ભૂમિકા :**

'શ્રી સારસ્વત' સામયિકના અંક ઓગષ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૫માં શાળા મહાશાળાના વિદ્યાર્થીઓમાં અભ્યાસકાળથી જ વિશાળતા, વ્યાપકતા અને પ્રસન્નતા વિકસાવવા માટે કયા પ્રકારના પરિવર્તનની અપેક્ષા છે તેના ૧૪ મુદ્દાઓની ચર્ચા કરી ગયા. આ લેખમાં ગુરુકુળ વ્યવસ્થાનો ઈતિહાસ તપાસીશું.

**ગુરુકુળ વ્યવસ્થા અને તેની વિશેષતાઓ :**

પ્રાચીન ભારતમાં વૈદિક સમયમાં અંદાજે ૫૦૦૦ વર્ષ પૂર્વે પ્રવૃત્ત ગુરુકુળ વિદ્યાલયોની વિશેષતાઓ હતી :

**૧. ભૌતિકવિદ્યા અને અધ્યાત્મવિદ્યાનો સમન્વય :**

અહીં ૮ થી ૨૫ વર્ષની વયના બ્રહ્મચારીઓ અર્થશાસ્ત્ર, રાજનીતિ, ઈતિહાસ, ગણિત, વિજ્ઞાન જેવા ભૌતિક વિષયોની સાથે વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર વગેરે ગ્રંથોને આધારે અધ્યાત્મવિદ્યાનું શિક્ષણ પ્રાપ્ત કરતાં હતા. ઉપરાંત સનાતન ધર્મ, બૌદ્ધ અને જૈન ધર્મનું તત્ત્વલક્ષી શિક્ષણ અપાતું. વિદ્યાર્થીઓનું સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતર સહજભાવે થયા કરે તે માટે દરરોજ વહેલી સવારે યજ્ઞ, વેદમંત્રોના ગાન, સ્તુતિ અને પ્રાર્થના કરવામાં આવતા હતા.

**૨. નિવાસી શિક્ષણ :**

બધા જ ગુરુઓ (પરિવાર સાથે) અને શિષ્યો એક વિશાળ પરિસર, આશ્રમમાં નિવાસ કરતા હતા. ગુરુઓ ઋષિનો દરજજો ધરાવતા હતા. વશિષ્ઠ, વાલ્મિકી, સાંદિપની કે દ્રોણાચાર્ય જેવા વરિષ્ઠ ઋષિઓ ગુરુકુળનું સંચાલન કરતા. વિદ્યાર્થીઓ માટે સંબોધન હતું 'ઋષિકુમાર' કે 'બ્રહ્મચારી." અહીં રાજા કે સામાન્ય નાગરિકના સંતાનો કોઈ ભેદભાવ વિના શિક્ષણ મેળવતા. સાંદિપની ઋષિના આશ્રમમાં શ્રીકૃષ્ણ અને નિર્ધન સુદામા સાથે જ અભ્યાસ કરતા. અહીં સંપત્તિ કે સત્તાની પ્રતિષ્ઠા નહોતી. પ્રતિષ્ઠા હતી માત્ર જ્ઞાનની. વિદ્યાર્થીઓ તમામ પ્રકારની વ્યવસ્થા : સફાઈ, સ્વચ્છતા, રસોઈ વગેરે જવાબદારી સંભાળતા હતા.

**3. સ્વાયત્ત શિક્ષણ :**

અહીં શિક્ષણ કે નિવાસ વ્યવસ્થા માટે કોઈ ફી આપવાની નહોતી. ગુરુઓ માનસેવા આપતા હતા. અભ્યાસ સંપન્ન થયા પછી વિદ્યાર્થીઓ પોતાની શકિત અનુસાર ગુરુદક્ષિણા આપતા.

તે વિસ્તારના શાસક રાજાઓ તમામ પ્રકારના ખર્ચ માટે મદદ કરતા પણ ગુરુકુળની વ્યવસ્થામાં ક્યારેય દખલગીરી કરતા નહોતા. તેઓની દઢ માન્યતા હતી કે શિક્ષણ સંસ્થાને પૂરી સ્વાયત્તતા હોવી જોઈએ.

**ઉચ્ચશિક્ષણ માટે વિશ્વવિદ્યાલય :**

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે ગુરુકુળ વ્યવસ્થા હતી. જયારે ઉચ્ચશિક્ષણ માટે ભારતમાં ૫૦ થી વધુ વિશ્વવિદ્યાલયો હતા. જે પૈકી તક્ષશીલા, નાલંદા, વિક્રમશીલા, મિથિલા કે વલ્લભી વિદ્યાપીઠો વિશ્વવિખ્યાત હતી. અહીં તક્ષશીલા અને નાલંદા વિદ્યાપીઠની સંક્ષિપ્ત માહિતી પ્રસ્તુત છે.

**વિશ્વની પ્રથમ વિદ્યાપીઠ – તક્ષશીલા વિશ્વવિદ્યાલય :**

ઉચ્ચશિક્ષણના ઈતિહાસમાં આપણે ૧૦૮૮માં પ્રારંભિત ઈટાલીની બોલોગ્ના યુનિ. અને ૧૦૯૬માં સ્થાપિત ઈંગ્લેન્ડની પ્રસિદ્ધ ઓક્ષફર્ડ યુનિ.નો ઉલ્લેખ કરીએ છીએ. વાસ્તવમાં વર્તમાન પંજાબ (પાકિસ્તાન) માં રાવલપિંડી પાસે સિંધુ નદીના કિનારે ઈ.સ. પૂર્વે ૬૦૦માં સ્થાપિત આ નિવાસી વિદ્યાપીઠને વિશ્વની પ્રથમ યુનિવર્સિટી હોવાનું ગૌરવ પ્રાપ્ત થાય છે. અહીં ભારત તેમજ ચીન અને ગ્રીસથી આવતા વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારની ભૌતિકવિદ્યાની સાથે અધ્યાત્મવિદ્યા અને પ્રમુખ ધર્મોનું શિક્ષણ પ્રાપ્ત કરતા હતા. શિક્ષણનું માધ્યમ હતું સંસ્કૃત અને પ્રાકૃત ભાષા. જયારે ચાણકય જેવા વિદ્વાન અધ્યાપકો અધ્યાપનકાર્યમાં પ્રવૃત્ત હતા. મહંમદ ગઝનીના શાસનકાળ સમયે, ૧૬૦૦ વર્ષ સુધી પ્રવૃત્ત આ યુનિ.નો ૧૧મી સદીમાં નાશ કરી દેવામાં આવ્યો.

**નાલંદા વિશ્વવિદ્યાલય :**

આજથી ૨૪૦૦ વર્ષ પૂર્વે ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં અખંડ ભારતમાં રાજગીર, મગધ(બિહાર) મુકામે સ્થાપિત નાલંદા વિદ્યાપીઠે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. અહીં ભૌતિકવિદ્યા અને અધ્યાત્મવિદ્યાનું શિક્ષણ અપાતું. જયાં વિશ્વભરના વિશેષતઃ એશિયાના જ્ઞાનપિપાસુ વિદ્યાર્થીઓ આવતા. તેની કુલ સંખ્યા હતી ૧૧૦૦૦ જયારે અધ્યાપકો હતા ૧૫૦૦. સામાજિક જીવનમાં પ્રાણ સંચાર કરતી આ સંસ્થાને નષ્ટ કરવા માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા. અંતે ૧૧૯૩માં તુર્ક સેના દ્વારા વિનાશક હૂમલામાં આ વિદ્યાપીઠનો અકાળે અંત લાવવામાં આવ્યો. ૩ માસ સુધી ચાલેલી ભયંકર આગમાં ગ્રંથાલયમાં સંચિત તમામ અલભ્ય ગ્રંથો ભષ્મીભૂત કરી દેવાયા. અનેક અધ્યાપકોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા.

**સમાપન** :

ભારતમાં મોગલ, તુર્ક કે હૂણ શાસકોના આક્રમણ પછી ગુરુકુળ વ્યવસ્થાને રાજયાશ્રય આપવાનું ઓછું થયું. જ્યારે અંગ્રેજ સલ્તનતના આગમન પછી આ વ્યવસ્થાનો સંપૂર્ણપણે અંત આવ્યો. અંગ્રેજ અધિકારી લોર્ડ મેકોલેની ભારતમાં નિમણૂંક થઈ ત્યારે તેમણે ગુરુકુળ પરંપરાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો અને પછી તારણ ઉપર આવ્યા કે આ દેશમાં બ્રિટિશ સામ્રાજયના મૂળિયા ઊંડે સુધી ફેલાવવા હશે તો અંગ્રેજી ભાષા અને પદ્ધતિ આધારિત શિક્ષણ વ્યવસ્થા અમલમાં લાવવી પડશે. અને અધ્યાત્મવિદ્યાનું શિક્ષણ બંધ કરીને માત્ર ભૌતિકવાદ, ઉપભોકતાવાદ અને બજારીકરણના શિક્ષણને સ્થાન આપવાનું રહેશે. જેથી અહીંના નાગરિકો રૂપ, રંગ, જ્ઞાતિ કે જાતિની દૃષ્ટિએ ભલે ભારતીય રહે પણ માન્યતા, રસ, રુચિની રીતે તેઓ 'અંગ્રેજ' બની જાય અને બ્રિટિશ સામ્રાજય તરફ તેમની કાયમી વફાદારી રહે.

હવે જયારે આપણા સ્વાતંત્ર્યને ૭૮ વર્ષ સંપન્ન થયા છે ત્યારે શાસકીય નિયંત્રણથી મુકત સાધના, નિષ્ઠા, ત્યાગ, તશ્ચર્યા જેવા મૂલ્યોને આધારિત અધ્યાત્મવિદ્યાનું પણ અધ્યાપન કરાવતી ગુરુકુળ પ્રણાલિકાના પુનરુત્થાન માટેનો સમય પાકી ગયો છે. અલબત્ત વર્તમાન લોકશાહી રાજય વ્યવસ્થામાં જયારે સરકારી ગ્રાંટ કે નિયમો આધારિત શિક્ષણ વ્યવસ્થા પ્રવર્તમાન છે ત્યારે ગુરુકુળ પરંપરાના તત્ત્વો સાચવીને તેના તંત્રમાં કઈ રીતે પરિવર્તન લાવી શકાય તેની ચર્ચા આવતા અંકમાં કરીશું.

**વિશેષ નોંધ** :

ગુરુકુળ વ્યવસ્થા પ્રમાણેના શિક્ષણનો પ્રારંભ થાય, તેનું વિસ્તરણ થાય તે પૂર્વે સમાજમાં આધ્યાત્મિક શિક્ષણના માળખાનું નિર્માણ થાય તે દૃષ્ટિએ સંપૂર્ણ જીવન વડોદરા દ્વારા છેલ્લાં ૧૦ વર્ષથી આધ્યાત્મિક શિક્ષણના ઓફલાઈન-ઓનલાઈન વર્ગો યોજાઈ રહ્યા છે. ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભગવત ગીતાજી, પ્રસ્થાનત્રયીના આધારે તારવેલા ૩૦ વિષયોનો સમાવેશ કરતા અભ્યાસક્રમ અનુસાર ૧૦મા વર્ષના વર્ગોનો પ્રારંભ તા. ૦૪/૦૧/૨૦૨૬ થી થશે. જે શાળાના આચાર્યો, શિક્ષકો પોતાની શાળાના વિદ્યાર્થીઓને આધ્યાત્મિક શિક્ષણ આપવા ઉત્સુક હોય તેઓને આ નિઃશુલ્ક વર્ગોમાં જોડાઈ જવા નિમંત્રણ છે. આ મિત્રોને ભવિષ્યમાં તાલીમ આપવાની પણ નિઃશુલ્ક વ્યવસ્થા છે. વિશેષ માહિતી માટે નીચે દર્શાવેલા મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરી શકાય. (મો.) ૯૪૨૬૪૬૧૦૯૦ **(ક્રમશઃ)**

# સર્વગ્રાહી પ્રગતિપત્રક (HPC)
# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ની દૂરદર્શી પહેલ

**- ડૉ. નીરવ એન. ઠક્કર**
આચાર્ય, એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ, અમદાવાદ
(મો.) ૯૮૯૮૬૭૯૪૯૪

ભારતીય ચિંતનધારામાં શિક્ષણ એ માત્ર એક વ્યાવસાયિક પ્રક્રિયા નથી, પરંતુ માનવીય ચેતનાના ઊર્ધ્વીકરણનો એક પવિત્ર યજ્ઞ રહ્યો છે. આદિ શંકરાચાર્યથી લઈને વિવેકાનંદ સુધી, ભારતના મહાન ચિંતકોએ શિક્ષણને આત્મસાક્ષાત્કારનું સાધન ગણ્યું છે. પરંતુ વર્ષોથી પ્રવર્તતી ગોખણપટ્ટી-કેન્દ્રી પદ્ધતિ (Rote Memorisation-Centric System)ને કારણે વિદ્યાર્થીની પ્રગતિને માત્ર અંતિમ પરીક્ષાના ગુણાંકોના સંકુચિત માળખામાં કેદ કરી દેવામાં આવી હતી.

આ શિક્ષણ પદ્ધતિ બાળકની આંતરિક પ્રતિભા, નૈતિક દૃઢતા અને સામાજિક સંવેદનશીલતા જેવા મહત્ત્વના માનવીય પાસાંઓને પોષણ આપવામાં ઊણી ઊતરી હતી. ઘણી વખત, જે બાળક કળા, સંગીત કે રમતગમતમાં ઉત્કૃષ્ટ હોય, પરંતુ પરંપરાગત પરીક્ષાઓમાં ઓછા ગુણ મેળવે, તેને 'ડફોળ' તરીકે લેબલ આપી દેવામાં આવતું. આ અન્યાય સદીઓથી અસંખ્ય પ્રતિભાશાળી બાળકોની આશાઓને કચડી નાખતો રહ્યો છે.

આ પરંપરાગત ખામીઓને સુધારવા અને ૨૧મી સદીના વૈશ્વિક પડકારોને ઝીલવા સક્ષમ નાગરિકોનું ઘડતર કરવાના ભગીરથ સંકલ્પ સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ ઘડવામાં આવી છે. આ નીતિ એક વાસ્તવિક શૈક્ષણિક ક્રાંતિનો સંકેત છે, જે ભારતીય શિક્ષણને તેની પ્રાચીન ગૌરવશાળી પરંપરાઓ સાથે જોડે છે અને આધુનિક યુગની જરૂરિયાતોને પણ સંતોષે છે.

**NEP-૨૦૨૦નો મુખ્ય આશય :**

NEP-૨૦૨૦નો મુખ્ય આશય વ્યક્તિની સર્જનશક્તિની સંભાવ્યતા (Creative Potential) કરવી તે છે. તે વિકાસને માત્ર જ્ઞાનાત્મક (Cognitive) જ નહીં, પરંતુ સામાજિક, નૈતિક અને ભાવનાત્મક ક્ષમતાઓ તેમજ મનોવલણ (Social, Ethical, and Emotional Capacities and Dispositions) સહિતનો સર્વાંગીણ (Holistic) બનાવવાનો છે.

આ વિરાટ દૃષ્ટિકોણને મૂર્ત સ્વરૂપ આપવા માટે, પરંપરાગત ગુણપત્રકનું સ્થાન સર્વગ્રાહી પ્રગતિ પત્રક (Holistic Progress Card - HPC) દ્વારા લેવામાં આવ્યું છે. HPC એ માત્ર એક દસ્તાવેજ નથી;

તે વિદ્યાર્થીના શૈક્ષણિક અને વ્યક્તિગત વિકાસના પ્રત્યેક સૂક્ષ્મ આયામને આવરી લેતું એક વ્યક્તિગત, વ્યાપક અને દૃષ્ટિવંત નિરૂપણ છે, જે શિક્ષણને માપનથી સંવર્ધન (Nurturing) તરફ દોરી જાય છે.

HPC નું મૂળભૂત તત્ત્વજ્ઞાન એ સમજણ પર આધારિત છે કે દરેક બાળક એક અનન્ય વ્યક્તિત્વ છે, જેની પોતાની શક્તિઓ, રુચિઓ અને અધ્યયન શૈલી છે. આ પત્રક આ વિવિધતાને સમર્થન કરે છે અને દરેક બાળકનું તેના પોતાના જ માપદંડો પર મૂલ્યાંકન થાય, તેની સાથે સરખામણી કરીને નહીં.

**PARAKH અને મૂલ્યાંકન :**

સર્વગ્રાહી પ્રગતિ પત્રકની રચના શિક્ષણ મંત્રાલય હેઠળ કાર્યરત સર્વોચ્ચ સંસ્થા PARAKH (Performance Assessment, Review, and Analysis of Knowledge for Holistic Development) દ્વારા કરવામાં આવી છે. PARAKH એ NCERT (National Council of Educational Research and Training) હેઠળની એક વિશિષ્ટ સંસ્થા છે, જે દેશમાં સર્વગ્રાહી મૂલ્યાંકન સુધારણા માટે જવાબદાર છે.

**PARAKHનો ઉદ્દેશ્ય :**

PARAKH નો ઉદ્દેશ મૂલ્યાંકનને માત્ર ચકાસણી પૂરતું મર્યાદિત ન રાખતાં, તેને એક સતત માર્ગદર્શન અને સુધારાની પ્રક્રિયા બનાવવાનો છે. આ સંસ્થા શિક્ષકો અને શિક્ષણવિદોને શૈક્ષણિક વર્ષ દરમિયાન અધ્યેતાઓની પ્રગતિ પર નજર રાખવામાં અને તેને સુધારવામાં મદદ કરે છે.

**મૂલ્યાંકન :**

PARAKH એ મૂલ્યાંકનના સંદર્ભે તેની ત્રણ વિભાવના રજૂ કરી છે, જે શિક્ષણને ત્રણ વિવિધ અને પરસ્પર પૂરક દિશાઓમાં સમજે છે:

1. **Assessment of Learning - અધ્યયનનું મૂલ્યાંકન :** આ પરંપરાગત મૂલ્યાંકન છે, જે અંતિમ સિદ્ધિનું માપન કરે છે. તે મૂલવે છે કે વિદ્યાર્થીએ શું શીખ્યો અને તેણે નિર્ધારિત લક્ષ્યાંકો સુધી પહોંચી શક્યો કે નહીં. આ મૂલ્યાંકન સામાન્ય રીતે અંતિમ પરીક્ષાઓ, ટર્મ પરીક્ષાઓ અને પ્રોજેક્ટ્સ દ્વારા થાય છે.
2. **Assessment for Learning - અધ્યયન માટે મૂલ્યાંકન :** આ રચનાત્મક મૂલ્યાંકન (Formative Assessment) છે, જે શિક્ષકોને તેમના અધ્યાપનના અભિગમ (Pedagogy) ને સુધારવા માટે રચનાત્મક પ્રતિભાવ (Feedback) પ્રદાન કરે છે. આ મૂલ્યાંકન અધ્યયનની પ્રક્રિયા દરમિયાન નિયમિત અંતરાલે થાય છે અને શિક્ષકને તાત્કાલિક પ્રતિભાવ આપે છે. આનાથી અધ્યયનની અપૂર્તતા (Learning Gaps) ને અસરકારક રીતે દૂર કરી શકાય છે અને અધ્યયન પ્રક્રિયામાં જરૂરી બદલાવો કરી શકાય છે.
3. **Assessment as Learning - મૂલ્યાંકન એક અધ્યયન તરીકે :** આ સૌથી નવીન અને મહત્ત્વપૂર્ણ અભિગમ છે, જે વિદ્યાર્થીને સ્વ-મૂલ્યાંકન (Self-Assessment) દ્વારા પોતાના જ્ઞાનનિર્માણની પ્રક્રિયાનો

માલિક (Owner) બનાવે છે. આ પદ્ધતિમાં, વિદ્યાર્થી પોતે જ પોતાના અધ્યયન વિશે વિચાર કરે છે, પોતાની પ્રગતિનું અવલોકન કરે છે અને પોતાના લક્ષ્યો નક્કી કરે છે. આ મેટા-કોગ્નિટિવ (વિશેષ જ્ઞાનાત્મક) કૌશલ્ય વિદ્યાર્થીને આજીવન અધ્યેતા બનાવે છે.

આ મૂલ્યાંકન, HPC શિક્ષણ પ્રક્રિયાને સક્રિય, અધ્યેતા-કેન્દ્રીત (Learner-Centric) અને અનુભવજન્ય (Experiential) બનાવે છે. તે શિક્ષણને એકતરફી પ્રક્રિયાથી દ્વિપક્ષીય સંવાદમાં રૂપાંતરિત કરે છે, જ્યાં શિક્ષક અને વિદ્યાર્થી બંને સક્રિય સહભાગી બને છે.

## વિકાસના ત્રણ મુખ્ય ક્ષેત્રો – પંચકોષનું પ્રતીક

HPC વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસને ભારતીય જ્ઞાન પરંપરાના પંચકોષ સિદ્ધાંત (Panch Kosha Theory) સાથે સુસંગત રાખીને રચાયું છે. આ સિદ્ધાંત તૈત્તિરીય ઉપનિષદમાં વર્ણવવામાં આવ્યો છે, જે માનવીય અસ્તિત્વને પાંચ સ્તરોમાં વિભાજિત કરે છે - અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષ.

HPC આ પ્રાચીન ભારતીય જ્ઞાનને આધુનિક શૈક્ષણિક સંદર્ભમાં પુનર્જીવિત કરે છે અને વિદ્યાર્થીના વિકાસને ત્રણ વ્યાપક અને રૂપકાત્મક ક્ષેત્રોમાં વિભાજિત કરે છે. આ ત્રણેય ક્ષેત્રો વિદ્યાર્થીના ભૌતિક, બૌદ્ધિક અને આંતરિક અસ્તિત્વને આવરી લે છે :

### HPCમાં બાળ વિકાસના અને તેની ક્ષમતાઓનો ત્રિ-સ્તરીય પ્રતિભાવ

### Stream-Mountain-Sky : ત્રિસ્તરી સમજ

હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડમાં બાળકના શૈક્ષણિક-વ્યક્તિત્વ વિકાસને ગુણ/ગ્રેડથી નહીં, પરંતુ વર્ણનાત્મક રીતે રજૂ કરવાની દૃષ્ટિ અપનાવવામાં આવી છે. તેમાં દરેક પ્રવૃત્તિ માટે ત્રણ ક્ષમતા-વિભાગ રાખવામાં આવ્યા છે - જાગૃતિ (Awareness), સંવેદનશીલ (Sensitivity) અને સર્જનાત્મકતા (Creativity).

આ ત્રણેય ક્ષમતાઓનું મૂલ્યાંકન ત્રણ સ્તરે થાય છે:

- Stream - પ્રારંભિક/મૂળભૂત સ્તર
- Mountain - મધ્યવર્તી વિકાસનું સ્તર
- Sky - ઊચ્ચ, સઘન અને સંકલિત પ્રગતિનું સ્તર

આ રીતે, કોઈ પણ બાળકને "સારા/નરસા" જેવા લેબલથી નહીં, પરંતુ "હાલ કયા સ્તરે છે અને આગળ ક્યાં સુધી લઈ જઈ શકાય" - તે દિશામાં જોવાનો પ્રયાસ થાય છે.

### Stream સ્તર : પ્રારંભિક જાગૃતિ અને સીમિત અભિવ્યક્તિ

Stream સ્તર બાળક માટે "પ્રાથમિક પડાવ' માનવો જોઈએ. આ સ્તરે બાળક શીખવાની

પ્રક્રિયામાં જોડાયેલ તો હોય છે, પરંતુ તેની જાગૃતિ, સંવેદનશીલ અને સર્જનાત્મકતા હજી શરૂઆતના તબક્કે હોય છે.

જાગૃતિક દષ્ટિકોણથી Stream સ્તરે એવો વિદ્યાર્થી જોવા મળે છે, જે પ્રવૃત્તિમાં રસ તો લે છે, પરંતુ મોટેભાગે શિક્ષકની સ્પષ્ટ માર્ગદર્શન, વારંવાર યાદ અપાવવાનું અને સહાય વગર આગળ વધતો નથી. ઉદાહરણ તરીકે, સ્વસ્થ ખોરાક બાબતે તે ફક્ત એટલું જ જાણતો હોય છે કે "શાકભાજી ખાવું સારું છે", પરંતુ કેમ સારું છે, કયા સમયે શું ખાવું, આદતો જીવનને કેવી રીતે અસર કરે છે વગેરે બાબત પર તેનો વિચાર હજી ઊંડો નથી.

સંવેદનશીલની દષ્ટિએ Stream સ્તરે બાળક વાર્તા, લોકકથાઓ કે રમૂજભરી પ્રવૃત્તિ દરમિયાન પાત્રોની લાગણીઓ સાથે સંબંધ બાંધવામાં મુશ્કેલી અનુભવે છે.  તે ઘણી વાર વાર્તાની પ્રગતિથી ભટકી જાય છે, અન્ય બાળકોના ભાવ, જરૂરિયાત અથવા મુશ્કેલી તરફ ખાસ ધ્યાન આપતો નથી અને સહકાર કરતાં પોતાની જરૂરિયાતને વધુ પ્રાથમિકતા આપે છે.

સર્જનાત્મકતાના સંદર્ભમાં Stream સ્તરે વિદ્યાર્થી મોટેભાગે તૈયાર છાંટણીવાળી પદ્ધતિ પર ચાલે છે - શિક્ષક જે રીતે કહે તે રીતે કામ કરી દે છે, પરંતુ "નવું શું કરી શકાય?" તેવા પ્રશ્નો હજી તેના મનમાં ઊંડાણપૂર્વક જાગતા નથી. કલા, સંગીત, નૃત્ય, રમતો અથવા પ્રોજેક્ટમાં તે સામાન્ય રીતે મિમિક્રી કે નકલનું વર્તન વધારે બતાવે છે, પોતનો આગવો  ઉમેરો બહુ ઓછો રહે છે.

**Mountain સ્તર : વિકસતી સમજ અને સહકાર**

Mountain સ્તર એવો તબક્કો છે જ્યાં Streamની મૂળભૂત જાગૃતિ આગળ વધી ને ગોઠવાયેલ વિચાર અને કામગીરીમાં રૂપાંતર પામે છે. આ તબક્કો શિક્ષક માટે "બાળક વિકસવાના માર્ગ પર છે" તેવો સકારાત્મક સંકેત માનવો જોઈએ.

જાગૃતિના દષ્ટિકોણથી Mountain સ્તરે વિદ્યાર્થી ઘણાં બાબતો અંગે સ્પષ્ટ જાણકારી ધરાવે છે અને પોતાની જીવન-અનુભવો સાથે તેને જોડવા લાગે છે. સ્વસ્થ ખોરાક માટે, તે ફક્ત શાકભાજી કે ફળોનાં નામ જ નહીં, પરંતુ "દૂધ પીવાથી હાડકાં મજબૂત બને છે", "જંક ફૂડ ઓછું ખાવું જોઈએ" જેવી સરળ વ્યાખ્યાઓ આપવાની ક્ષમતા ધરાવે છે. શાળા અથવા ઘર, બંને સ્થળે તે ૩-૪ સારી આદતો નિયમિત રીતે અનુસરી શકે છે, ભલે ક્યારેક માતાપિતા અથવા શિક્ષકની યાદ અપાવવાની જરૂર પડે.

સંવેદનશીલ બાબતે Mountain સ્તર પર વિદ્યાર્થી પાત્રોની ભાવનાઓ સમજવા પ્રયત્ન કરે છે. લોકકથા કે કથા-વાંચનમાં શિક્ષક દ્વારા પૂછેલા પ્રશ્નોની મદદથી તે કહી શકે છે કે "આ પાત્ર દુઃખી હતું કારણ કે..." અથવા "અહીં મિત્રે મદદ કરી એટલે તેને આનંદ થયો." શાળા-વર્ગખંડના સામાજિક

નિયમો, મિત્રોના હક્ક-જવાબદારી, વારે-વારે બોલવાની શિષ્ટતા વગેરે બાબતે તે સામાન્ય રીતે હકારાત્મક પ્રતિભાવ આપે છે, ભલે ક્યારેક તેને માર્ગદર્શનની જરૂર રહે.

સર્જનાત્મકતામાં Mountain સ્તર એવા બાળકને દર્શાવે છે, જે તે સૂચિત માળખામાંથી થોડું બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. ઉદાહરણ તરીકે, “Know your country” જેવી પ્રવૃત્તિમાં, તે ફક્ત તૈયાર પગલાં અનુસરવાનું ન રાખીને, પોતે એકાદ નવી હરકત, અલગ રંગસંયોજન, નવી પંક્તિ, અથવા પ્રસ્તુતિ રજુ કરે છે - પરંતુ ઘણી વાર પહેલો પ્રેરક સંકેત શિક્ષક અથવા સાથી મિત્ર પાસેથી મળવાથી જ. કલા અને ક્રિયા બંનેમાં તે “નાનું જોખમ” લેવા તૈયાર રહે છે, જે સર્જનાત્મક વિકાસ માટે મહત્વપૂર્ણ છે.

**Sky સ્તર : ઊંડો અભ્યાસ, ઊંચી સંવેદનશીલ અને સર્જનાત્મક અનોખાપણું**

Sky સ્તર, નામ મુજબ, વિકાસનું ઉચ્ચતર પડાવ છે, જેમાં બાળક પોતાની જાગૃતિ, સંવેદનશીલતા અને સર્જનાત્મકતાને એકીકૃત રીતે પ્રગટ કરે છે. આ તબક્કે વિદ્યાર્થી માત્ર “સારી કામગીરી કરનાર” નથી, પરંતુ “સ્વ-પ્રેરિત, વિચારશીલ અને પરિવર્તન લાવનાર” વિદ્યાર્થીનું સ્વરૂપ ધારણ કરે છે.

જાગૃતિનાં સ્તરે Sky લેવલનું બાળક શારીરિક સ્વાસ્થ્ય, સ્વચ્છતા, ખોરાક, પર્યાવરણ, સામાજિક સંબંધો વગેરે બાબતો અંગે ઊંડો અને વ્યવસ્થિત વિચાર ધરાવે છે. સ્વસ્થ ખોરાકની પ્રવૃત્તિમાં તે ફક્ત યોગ્ય-અયોગ્યનો ભેદ જ નહીં, પરંતુ “મિત્રો ફૂડ વેસ્ટ ન કરે તેની હું કેવી રીતે મદદ કરી શકું?” જેવા પ્રશ્નો પૂછે છે, પોતાના પરિવાર-સમુદાયમાં પણ સમજાવટ કરવાનું ધૈર્ય અને દાયિત્વ લે છે.

સંવેદનશીલની દૃષ્ટિએ Sky સ્તરનો વિદ્યાર્થી વાર્તા, જીવન-પરિસ્થિતિ, સમુદાયની ઘટનાઓ અને સહપાઠીઓના અનુભવોને ગંભીરતાથી લે છે. તે માત્ર ભાવનાઓ ઓળખે છે એટલું નથી, પરંતુ “અહીં શું અલગ કરી શકાય તેમ હતું?”, “આ પાત્રની મદદ માટે હું હોત તો શું કરત?” જેવા પ્રતિબિંબીત પ્રશ્નો પૂછે છે. વર્ગખંડમાં તે ભિન્ન પૃષ્ઠભૂમિ, ભાષા, ક્ષમતા ધરાવતા બાળકો પ્રત્યે સન્માન અને સહકારનું વર્તન જાળવે છે અને અનેક વખત “મોડેલ” તરીકે પણ દેખાય છે.

સર્જનાત્મકતા Sky સ્તરે દેખીતી રીતે વિશિષ્ટ બની જાય છે. “Know your country” જેવી પ્રવૃત્તિમાં એવું બાળક ફક્ત પરંપરાગત વેશભૂષા પહેરીને નૃત્ય કરતા ન રોકાઈ, પરંતુ આખા જૂથની પ્રસ્તુતિ માટે નવી સંકલ્પના, સંવાદ, પ્રાસ વાળા શબ્દો અથવા ગીત રચી શકે છે. તે વિવિધ કલા-રૂપો (ચિત્ર, સંગીત, નાટક, વાર્તા, કોલાજ, ડિજીટલ માધ્યમ)ને મળીને કંઈક નવું સર્જવાનું કૌશલ્ય વિકસાવી લે છે અને આ પ્રક્રિયામાં સાથી મિત્રોનો સહકાર પણ મેળવે છે.

**આંતરિક ગુણોનું સંવર્ધન – જાગરૂકતા, સંવેદનશીલતા અને સર્જનાત્મકતા**

HPCમાં વિદ્યાર્થીના વિકાસને વેગ આપતા ત્રણ અત્યંત મહત્ત્વપૂર્ણ વિકાસલક્ષી મનોવલણો

(Developmental Dispositions)નું પણ મૂલ્યાંકન કરવામાં આવે છે. આ ત્રણ મનોવલણો વિદ્યાર્થીને ૨૧મી સદીના પડકારો માટે તૈયાર કરે છે અને તેને એક સંપૂર્ણ વ્યક્તિત્વ તરીકે વિકસાવે છે.

આ ત્રણ મનોવલણો - જાગરૂકતા, સંવેદનશીલતા અને સર્જનાત્મકતા - એ માત્ર શૈક્ષણિક ગુણધર્મો નથી, પરંતુ જીવનના તમામ ક્ષેત્રોમાં સફળતા અને સંતોષ માટે આવશ્યક મૂળભૂત લાગણીઓ અને વલણો છે.

## જાગરૂકતા (Awareness) – સભાનતાનો પ્રકાશ

**વ્યાખ્યા અને ભૂમિકા** :

જાગરૂકતા એટલે 'પોતાની આસપાસની દુનિયા, સામાજિક પરિસ્થિતિઓ, પર્યાવરણીય મુદ્દાઓ અને પોતાના આંતરિક વિચારો-લાગણીઓ વિશેની સભાન અને ગહન સમજણ'. જાગરૂકતા એ દરેક નૈતિક પ્રતિભાવનો પાયો છે. જો વ્યક્તિ પોતાના અને અન્યના વિચારો, લાગણીઓ અને જરૂરિયાતો પ્રત્યે જાગૃત નથી, તો તે યોગ્ય નિર્ણયો લઈ શકતી નથી.

HPC વિદ્યાર્થીને સ્વ-જાગરૂકતા (Self-Awareness) અને સામાજિક જાગરૂકતા (Social Awareness) પ્રત્યે સભાન બનાવે છે. સ્વ-જાગરૂકતા એટલે પોતાની શક્તિઓ, નબળાઈઓ, લાગણીઓ, મૂલ્યો અને વિચારો પ્રત્યે સ્પષ્ટ સમજ. સામાજિક જાગરૂકતા એટલે અન્ય લોકોની પરિસ્થિતિઓ, લાગણીઓ અને જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલતા.

**જાગરૂકતાના પ્રકારો** :

- **વ્યક્તિગત જાગરૂકતા (Personal Awareness) :** પોતાની લાગણીઓ, વિચારો, મૂલ્યો અને લક્ષ્યો વિશે સ્પષ્ટ સમજ.
- **સામાજિક જાગરૂકતા (Social Awareness) :** સમાજમાં વિવિધ જૂથો, તેમની સમસ્યાઓ અને જરૂરિયાતો વિશે જાણકારી.
- **પર્યાવરણીય જાગરૂકતા (Environmental Awareness) :** પ્રકૃતિ, પર્યાવરણ અને તેના સંરક્ષણ પ્રત્યે સભાનતા.
- **વ્યાવસાયિક જાગરૂકતા (Vocational Awareness) :** વિવિધ વ્યવસાયો, કારકિર્દીના વિકલ્પો અને પોતાની રુચિઓ અને ક્ષમતાઓ અનુસાર યોગ્ય કારકિર્દી પસંદગી વિશે જાણકારી.

**મહત્ત્વ અને વ્યાવહારિક અસર** :

આ ગુણ વિદ્યાર્થીને માત્ર માહિતી મેળવનાર નહીં, પરંતુ સતત નિરીક્ષક અને પોતાના જીવનનો આયોજનકાર બનાવે છે. જાગૃત વિદ્યાર્થી પોતાના નિર્ણયો વિશે વિચાર કરે છે, તેમના પરિણામોની કલ્પના કરે છે અને જવાબદારી સાથે કાર્ય કરે છે. જે પોતાના વ્યાવસાયિક જ્ઞાન (Vocational Awareness)

માં પણ પ્રતિબિંબિત થાય છે, જ્યાં વિદ્યાર્થી પોતાની રુચિઓ અને ક્ષમતાઓ પ્રત્યે જાગૃત બને છે અને તે અનુસાર પોતાની કારકિર્દીની દિશા નક્કી કરે છે.

## સંવેદનશીલતા (Sensitivity) – હૃદયની ભાષા

**વ્યાખ્યા અને ભૂમિકા :**

સંવેદનશીલતા એટલે 'અન્ય વ્યક્તિઓ, જીવો અથવા મુશ્કેલ પરિસ્થિતિઓ પ્રત્યે રસ, ચિંતા અથવા ઊંડી કાળજી (Care) દર્શાવતું વર્તન'. સંવેદનશીલતા એ સહાનુભૂતિ (Empathy) અને કરુણા (Compassion) નો આધાર છે. તે માત્ર લાગણીઓને અનુભવવા વિશે નથી, પરંતુ અન્યોની લાગણીઓને સમજવા અને તે પ્રત્યે યોગ્ય પ્રતિસાદ આપવા વિશે છે.

HPC માં, સંવેદનશીલતાને સામાજિક-ભાવનાત્મક વિકાસના મુખ્ય સ્તંભ તરીકે જોવામાં આવે છે. તેનો ઉદ્દેશ સંબંધોમાં પરસ્પર આદર અને સહાનુભૂતિ કેળવવાનો છે. સંવેદનશીલ વિદ્યાર્થી અન્યોની મુશ્કેલીઓને સમજી શકે છે, તેમને મદદ કરવા માટે આગળ આવે છે અને સકારાત્મક સામાજિક વાતાવરણ બનાવવામાં યોગદાન આપે છે.

**સંવેદનશીલતાના પ્રકારો :**

- **ભાવનાત્મક સંવેદનશીલતા (Emotional Sensitivity) :** અન્યોની લાગણીઓને ઓળખવાની અને સમજવાની ક્ષમતા.
- **સામાજિક સંવેદનશીલતા (Social Sensitivity) :** સામાજિક પરિસ્થિતિઓ, વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓ પ્રત્યે આદર.
- **નૈતિક સંવેદનશીલતા (Moral Sensitivity) :** ન્યાય, અન્યાય અને નૈતિક મુદ્દાઓ પ્રત્યે સભાનતા.
- **પર્યાવરણીય સંવેદનશીલતા (Environmental Sensitivity) :** પ્રકૃતિ, પ્રાણીઓ અને પર્યાવરણ પ્રત્યે કાળજી અને જવાબદારી.

**મૂલ્યાંકન પદ્ધતિ :**

સંવેદનશીલતાનું મૂલ્યાંકન મુખ્યત્વે સહપાઠી મૂલ્યાંકન (Peer Assessment) દ્વારા થાય છે. આ પદ્ધતિમાં, એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીના વર્તન અને તેની અન્યો પ્રત્યેની સંવેદનશીલતાનું નિરીક્ષણ કરે છે. ઉદાહરણ તરીકે, 'મારો મિત્ર જ્યારે કોઈ ઉદાસ હોય ત્યારે તેને સાંત્વના આપે છે' કે 'મારો સાથી વર્ગમાં બધાને સમાન રીતે વ્યવહાર કરે છે' જેવા નિવેદનો દ્વારા સંવેદનશીલતાનું મૂલ્યાંકન થાય છે.

બાળકની અન્યની લાગણીઓને સમજવાની અને હકારાત્મક પ્રતિભાવ આપવાની ક્ષમતા નોંધવામાં આવે છે. આ ગુણ સામાજિક એકતા, શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ અને સહકારી સમાજના નિર્માણ માટે અનિવાર્ય છે.

## સર્જનાત્મકતા (Creativity)

**વ્યાખ્યા અને ભૂમિકા :**

સર્જનાત્મકતા એટલે 'મૌલિકતા અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને નવીન વિચારો, અનોખા ઉકેલો અથવા અસાધારણ પરિણામો પ્રાપ્ત કરવાની ક્ષમતા'. સર્જનાત્મકતા એ માત્ર કળા અથવા સંગીત પૂરતી મર્યાદિત નથી; તે વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન અને જીવનના તમામ ક્ષેત્રોમાં લાગુ પડે છે.

NEP ૨૦૨૦ સર્જનાત્મકતાને જ્ઞાનાત્મક ક્ષમતાના સર્વોચ્ચ સ્વરૂપ તરીકે જુએ છે. સર્જનાત્મક વિચારસરણી એ ૨૧મી સદીની સૌથી મહત્ત્વપૂર્ણ કુશળતાઓમાંની એક છે, કારણ કે તે વ્યક્તિને નવીન પડકારોનો સામનો કરવા, નવીન ઉકેલો શોધવા અને બદલાતી દુનિયામાં અનુકૂલન સાધવા સક્ષમ બનાવે છે.

**સર્જનાત્મકતાના પ્રકારો :**

- **કલાત્મક સર્જનાત્મકતા (Artistic Creativity) :** ચિત્રકામ, સંગીત, નૃત્ય, નાટક જેવા કલા સ્વરૂપોમાં મૌલિક અભિવ્યક્તિ.
- **વૈજ્ઞાનિક સર્જનાત્મકતા (Scientific Creativity) :** નવા પ્રયોગો, શોધો અને વૈજ્ઞાનિક સમસ્યાઓના અનોખા ઉકેલો.
- **સામાજિક સર્જનાત્મકતા (Social Creativity) :** સામાજિક સમસ્યાઓના નવીન ઉકેલો, સામુદાયિક પ્રોજેક્ટ્સ અને સામાજિક નવીનતા.
- **સાહિત્યિક સર્જનાત્મકતા (Literary Creativity) :** કવિતા, વાર્તાલેખન, નિબંધ લેખન જેવી સાહિત્યિક રચનાઓ.

**મૂલ્યાંકન પદ્ધતિ :**

સર્જનાત્મકતાનું મૂલ્યાંકન માત્ર ચિત્ર કે સંગીત પૂરતું સીમિત નથી. તે કલા સંકલન (Art Integration) દ્વારા થાય છે, જ્યાં વિજ્ઞાન, ગણિત અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં પણ કલાત્મક અભિગમનો ઉપયોગ કરવામાં આવે છે. રમકડાં-આધારિત શિક્ષણ (Toy-based pedagogy) દ્વારા બાળકોની મૌલિક અભિવ્યક્તિ અને સમસ્યાનું સર્જનાત્મક નિરાકરણ વિકસાવવામાં આવે છે.

HPC માં, સર્જનાત્મકતાનું મૂલ્યાંકન બાળકની મૌલિકતા, નવીનતા, વિવિધ અભિગમો અજમાવવાની ઇચ્છા અને પરંપરાગત વિચારસરણીથી પર આગળ જવાની ક્ષમતા દ્વારા થાય છે.

## મૂલ્યાંકનનો ત્રિવેણી સંગમ – આત્મનિરીક્ષણ, સહકાર અને શિક્ષકનું માર્ગદર્શન

HPC ને અનન્ય બનાવતી વિશેષતા તેનું ત્રિ-પરિમાણીય મૂલ્યાંકન માળખું છે, જે શિક્ષણમાં વિદ્યાર્થી, શિક્ષક અને સહપાઠી - એમ ત્રણેય હિસ્સેદારોને સક્રિય ભૂમિકા આપે છે. આ અભિગમ પરંપરાગત

મૂલ્યાંકન પદ્ધતિથી મૂળભૂત રીતે જુદો છે, જ્યાં મૂલ્યાંકન માત્ર શિક્ષક જ કરે છે.

આ ત્રિવેણી સંગમ શિક્ષણને વધુ લોકશાહી, પારદર્શક અને સહભાગી બનાવે છે. તે વિદ્યાર્થીને માત્ર મૂલ્યાંકનનો વિષય નહીં, પરંતુ મૂલ્યાંકન પ્રક્રિયાનો સક્રિય ભાગીદાર બનાવે છે.

## સ્વ-મૂલ્યાંકન (Self-Assessment) – આત્મનિરીક્ષણ

સ્વ-મૂલ્યાંકન એ HPC નું સૌથી મહત્ત્વપૂર્ણ અને પરિવર્તનકારી પાસું છે. તે વિદ્યાર્થીને તેના શૈક્ષણિક પ્રવાસનો સભાન માલિક બનાવે છે. આ પદ્ધતિમાં, વિદ્યાર્થી પોતે જ પોતાના અધ્યયન, પ્રગતિ, શક્તિઓ અને સુધારાના ક્ષેત્રો વિશે વિચાર કરે છે અને તેનું દસ્તાવેજીકરણ કરે છે.

**વિવિધ તબક્કાઓમાં સ્વ-મૂલ્યાંકન** :

- **પાયાના તબક્કામાં (Foundational Stage) :** બાળકો સરળ પ્રશ્નોના જવાબ આપે છે જેમ કે 'મને શું ગમે છે?', 'હું શું સારું કરી શકું છું?', 'મારા મિત્રો કોણ છે?'
- **પ્રારંભિક તબક્કામાં (Preparatory Stage) :** વિદ્યાર્થીઓ પોતાની રુચિઓ, શોખ અને સ્વપ્નાઓ વિશે લખે છે. 'હું મોટો થઈને શું બનવા માંગુ છું?', 'મારા હીરો કોણ છે?' જેવા પ્રશ્નોના જવાબ આપે છે.
- **મધ્યમ તબક્કામાં (Middle Stage) :** વિદ્યાર્થીઓ પોતાના શૈક્ષણિક અને વ્યક્તિગત લક્ષ્યો નક્કી કરે છે અને તે હાંસલ કરવા માટેના પગલાં વિશે વિચાર કરે છે.
- **માધ્યમિક તબક્કામાં (Secondary Stage) :** વિદ્યાર્થી પોતાની કારકિર્દીની આકાંક્ષાઓ (Career Aspirations) સ્પષ્ટ કરે છે અને તેને હાંસલ કરવા માટેની પોતાની શક્તિઓ (Strengths), સંસાધનો અને સહાયનું આત્મનિરીક્ષણ કરે છે.

**સ્વ-મૂલ્યાંકનના લાભો** :

- **આત્મજાગરૂકતા :** વિદ્યાર્થી પોતાની શક્તિઓ અને નબળાઈઓ વિશે સભાન બને છે.
- **જવાબદારી :** વિદ્યાર્થી પોતાના અધ્યયનની જવાબદારી લે છે.
- **લક્ષ્ય નિર્ધારણ :** વિદ્યાર્થી વાસ્તવિક અને પ્રાપ્ત કરી શકાય તેવા લક્ષ્યો નક્કી કરે છે.
- **આજીવન અધ્યયનની ક્ષમતા :** વિદ્યાર્થી પોતાના અધ્યયનનું નિયમિત મૂલ્યાંકન કરવાની આદત વિકસાવે છે.

## સહપાઠી-મૂલ્યાંકન (Peer-Evaluation) – પરસ્પર જ્ઞાન નિર્માણ

સહપાઠી મૂલ્યાંકન એ એક અનોખી પદ્ધતિ છે જ્યાં વિદ્યાર્થીઓ એકબીજાના અધ્યયન અને વિકાસનું મૂલ્યાંકન કરે છે. આ પદ્ધતિ પરસ્પર જ્ઞાન નિર્માણ (Mutual Knowledge Creation) અને સહયોગની

ભાવનાને પ્રોત્સાહન આપે છે.

સહપાઠી મૂલ્યાંકન વિદ્યાર્થીઓને એકબીજાના દૃષ્ટિકોણથી જોવાની તક આપે છે. ઘણી વખત, વિદ્યાર્થીઓ તેમના સાથીઓના વર્તન અને કૌશલ્યો વિશે એવી સમજ ધરાવે છે જે શિક્ષક પાસે હોતી નથી. આ પદ્ધતિ મૂલ્યાંકનને વધુ સંપૂર્ણ અને બહુપરિમાણીય બનાવે છે.

**સહપાઠી મૂલ્યાંકનના પ્રકારો** :

- **શૈક્ષણિક કૌશલ્યોનું મૂલ્યાંકન :** 'મારો સાથી ગણિતના પ્રશ્નો સારી રીતે ઉકેલી શકે છે.', 'મારો મિત્ર વાર્તાઓ રસપ્રદ રીતે કહી શકે છે.'
- **સામાજિક કૌશલ્યોનું મૂલ્યાંકન :** 'મારો સાથી બધાની સાથે સમાન રીતે વ્યવહાર કરે છે.', 'મારો મિત્ર જૂથમાં સારી રીતે કામ કરી શકે છે.'
- **ભાવનાત્મક કૌશલ્યોનું મૂલ્યાંકન :** 'મારો મિત્ર જ્યારે કોઈ ઉદાસ હોય ત્યારે તેને સાંત્વના આપે છે.', 'મારો સાથી પોતાની લાગણીઓ વિશે વાત કરી શકે છે.'

**સહપાઠી મૂલ્યાંકનના લાભો** :

- **સહયોગની ભાવના :** વિદ્યાર્થીઓ એકબીજાને મદદ કરવા અને સાથે મળીને અધ્યયન કરવા પ્રેરાય છે.
- **સામાજિક કૌશલ્યો :** વિદ્યાર્થીઓ રચનાત્મક પ્રતિભાવ આપવાનું અને સ્વીકારવાનું શીખે છે.
- **આત્મવિશ્વાસ :** સાથીઓ પાસેથી સકારાત્મક પ્રતિભાવ મળવાથી વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધે છે.
- **સંપૂર્ણ દૃષ્ટિકોણ :** વિવિધ દૃષ્ટિકોણોથી મૂલ્યાંકન થવાથી વિદ્યાર્થીની સંપૂર્ણ ચરિત્રાત્મક ચિત્ર મળે છે.

## શિક્ષક-આધારિત નિરીક્ષણ (Teacher Observation) – માર્ગદર્શક તરીકેની ભૂમિકા

શિક્ષકની ભૂમિકા HPC માં એક સતત નિરીક્ષક અને માર્ગદર્શક તરીકેની છે. શિક્ષક માત્ર પરીક્ષા લેનાર નથી, પરંતુ વિદ્યાર્થીના સંપૂર્ણ વિકાસની યાત્રામાં એક સહયાત્રી અને માર્ગદર્શક છે.

શિક્ષક વિકાસલક્ષી લક્ષ્યોની નિરીક્ષણ યાદી (Observational Checklist of Developmental Goals) નો ઉપયોગ કરીને, વિદ્યાર્થીના વર્તનને વર્ષભર દસ્તાવેજિત કરે છે. આ નિરીક્ષણ માત્ર વર્ગખંડમાં જ નહીં, પરંતુ રમતના મેદાનમાં, પ્રવૃત્તિઓ દરમિયાન, જૂથ કાર્યમાં અને વિવિધ સામાજિક પરિસ્થિતિઓમાં પણ થાય છે.

**શિક્ષકના નિરીક્ષણના ક્ષેત્રો** :

- **શૈક્ષણિક પ્રગતિ :** વિષય-વિશિષ્ટ જ્ઞાન, કૌશલ્યો અને સમજનો વિકાસ.
- **સામાજિક-ભાવનાત્મક વિકાસ :** અન્યો સાથે સંબંધો, સહયોગ, સહાનુભૂતિ અને લાગણીઓનું સંકલન.

- **શારીરિક વિકાસ :** શારીરિક શક્તિ, સમન્વય અને સ્વાસ્થ્ય.
- **સર્જનાત્મક અભિવ્યક્તિ :** કલા, સંગીત, નાટક અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં સહભાગિતા.
- **જીવન કૌશલ્યો :** સમય વ્યવસ્થાપન, સમસ્યાનું નિરાકરણ, નિર્ણય લેવો અને વાણી, વિચાર વગેરેની અભિવ્યક્તિની સ્વતંત્રતા.

**શિક્ષકની જવાબદારીઓ** :

- **નિયમિત નિરીક્ષણ :** વર્ષ દરમિયાન વિદ્યાર્થીના વર્તન અને પ્રગતિનું સતત અવલોકન.
- **દસ્તાવેજીકરણ :** અવલોકનોને વ્યવસ્થિત રીતે નોંધવા અને તેનું વિશ્લેષણ કરવું.
- **રચનાત્મક પ્રતિભાવ :** વિદ્યાર્થીને નિયમિત, સકારાત્મક અને રચનાત્મક પ્રતિભાવ આપવો.
- **માતા-પિતા સાથે સંવાદ :** વિદ્યાર્થીની પ્રગતિ વિશે માતા-પિતાને નિયમિત માહિતી આપવી.
- **વ્યક્તિગત ધ્યાન :** દરેક વિદ્યાર્થીની અનન્યતાને ઓળખવી અને તેને અનુરૂપ માર્ગદર્શન આપવું.

## HPC અને NEPના શૈક્ષણિક તબક્કાઓ

NEP 2020 એ પરંપરાગત 10+2 માળખાને બદલીને 5+3+3+4 માળખું રજૂ કર્યું છે. આ નવું માળખું બાળકના વિકાસના વિવિધ તબક્કાઓને ધ્યાનમાં રાખીને રચવામાં આવ્યું છે. HPC પણ દરેક તબક્કા માટે અનુકૂળ રીતે નિર્મિત કરવામાં આવ્યું છે, જે તે તબક્કાની વિશિષ્ટ જરૂરિયાતો અને વિકાસલક્ષી લક્ષ્યોને પ્રતિબિંબિત કરે છે.

**પાયાનો તબક્કો (Foundation Stage – આંગણવાડીથી ધોરણ ૨)**

**વયજૂથ** : **૩ થી ૮ વર્ષ**

**વિશેષતાઓ** :

આ તબક્કો લવચીક, બહુ-સ્તરીય, અને પ્રવૃત્તિ-આધારિત શિક્ષણનાં પાંચ વર્ષ તરીકે કલ્પવામાં આવ્યો છે. આ તબક્કાનું મુખ્ય ધ્યાન બાળકના મગજના વિકાસ પર છે, કારણ કે આ ઉંમરે બાળકનું મગજ સૌથી વધુ ગ્રહણક્ષમ હોય છે.

**શિક્ષણ પદ્ધતિ** :

- **રમત-આધારિત શિક્ષણ (Play-based Learning) :** બાળકો રમતો દ્વારા શીખે છે, જે તેમના માટે સ્વાભાવિક અને આનંદદાયક હોય છે.
- **શોધ-આધારિત પદ્ધતિ (Discovery-based Method) :** બાળકોને પોતે શોધ કરવા અને પ્રયોગો કરવાની તક આપવામાં આવે છે.
- **રમકડાં-આધારિત શિક્ષણ (Toy-based Pedagogy) :** રમકડાંનો ઉપયોગ કરીને વિવિધ ખ્યાલો શીખવવામાં આવે છે.

**HPCનું સ્વરૂપ** :

પાયાના તબક્કાનું HPC મુખ્યત્વે સતત અવલોકન (Continuous Observation) પર આધારિત છે. અહીં પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN - Foundational Literacy and Numeracy) ના લક્ષ્યો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. બાળક અક્ષરો ઓળખી શકે છે કે નહીં, સંખ્યાઓ ગણી શકે છે કે નહીં, આવાં પાયાનાં કૌશલ્યોનું નિરીક્ષણ કરવામાં આવે છે.

**મૂલ્યાંકનના ક્ષેત્રો** :

- શારીરિક વિકાસ અને સ્વાસ્થ્ય
- ભાષા અને સાક્ષરતા કૌશલ્યો
- પ્રારંભિક ગણિત કૌશલ્યો
- જિજ્ઞાસા અને શોધની ભાવના
- સામાજિક-ભાવનાત્મક વિકાસ

**પ્રારંભિક તબક્કો (Preparatory Stage – ધોરણ ૩ થી ૫)**

**વયજૂથ** : **૮ થી ૧૧ વર્ષ**

**વિશેષતાઓ** :

આ તબક્કો સંક્રમણકારી સમયગાળાનો છે, જ્યાં પાયાની યોગ્યતાઓ પર નિર્માણ કરવામાં આવે છે અને વિષય-વિશિષ્ટ પરિમાણોનો સહેજ વધુ પરિચય કરાવવામાં આવે છે. બાળકો હવે વધુ જટિલ વિચારો સમજવા સક્ષમ બને છે અને તેમની જિજ્ઞાસા વધુ કેન્દ્રિત બને છે.

**HPCનું સ્વરૂપ** :

આ તબક્કાના HPC માં શૈક્ષણિક અભ્યાસક્રમ લક્ષ્યો, યોગ્યતાઓ અને સામાજિક-ભાવનાત્મક તેમજ વિકાસલક્ષી સીમાચિહ્નો પર બાળકની સિદ્ધિઓને દસ્તાવેજિત કરવા પર ધ્યાન કેન્દ્રિત છે. આ તબક્કાના HPC માં એક રસપ્રદ વિભાગ છે - વિદ્યાર્થીની નોંધ (Student's Note), જ્યાં બાળક પોતાના વિશે વિચારો વ્યક્ત કરે છે.

**વિદ્યાર્થીની નોંધમાં સમાવેશ** :

- મારું નામ શું છે?
- મારું કુટુંબ કેવું છે?
- હું કઈ બાબતોમાં સારો / સારી છું?
- હું મોટા થઈને શું બનવા માંગુ છું?
- મારા હીરો કોણ છે?

**મધ્યમ તબક્કો (Middle Stage – ધોરણ ૬ થી ૮)**

**વયજૂથ** : **૧૧ થી ૧૪ વર્ષ**

**વિશેષતાઓ** :

આ તબક્કો કિશોરાવસ્થાનો પ્રારંભ છે, જ્યાં વિદ્યાર્થીઓમાં અમૂર્ત વિચારસરણી વિકસવા લાગે છે. તેઓ સ્વતંત્ર વિચાર કરવા સક્ષમ બને છે અને તેમની આસપાસની દુનિયા પ્રત્યે ગંભીર પ્રશ્નો પૂછવા માંડે છે.

**શિક્ષણ પદ્ધતિ** :

- **અનુભવજન્ય શિક્ષણ (Experiential Learning) :** પ્રયોગો, પ્રોજેક્ટ્સ અને ક્ષેત્રકાર્ય દ્વારા શીખવું.
- **શોધ-આધારિત પદ્ધતિઓ (Inquiry-based Methods) :** વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા અને તેમને જવાબો શોધવા પ્રોત્સાહન આપવું.
- **ટેકનોલોજી-આધારિત શિક્ષણ :** ડિજિટલ સાધનોનો ઉપયોગ કરીને શીખવું.
- **સમુદાયને સાથે રાખવો :** સમુદાયમાં સક્રિય ભાગીદારી દ્વારા શીખવું.

**HPCનું સ્વરૂપ** :

આ તબક્કામાં, HPC ધ્યેય નિર્ધારણ (Goal Setting) અને વ્યવસાયિક જાગરૂકતા (Vocational Awareness) પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે. વિદ્યાર્થીઓ તેમના શૈક્ષણિક લક્ષ્યો અને વ્યક્તિગત લક્ષ્યો કેવી રીતે હાંસલ કરશે તેની યોજના બનાવે છે. આ તબક્કામાં વ્યવસાયિક શિક્ષણ (Vocational Education) અને કૌશલ્ય નિર્માણ (Skill-building) પર પણ ભાર મૂકવામાં આવે છે.

**મૂલ્યાંકનના મુખ્ય ક્ષેત્રો** :

- શૈક્ષણિક પ્રદર્શન અને સમજ
- વ્યાવસાયિક રુચિઓ અને કૌશલ્યો
- જીવન કૌશલ્યો અને આયોજન
- સામાજિક જવાબદારી અને નેતૃત્વ
- કલા અને રમતગમત સંકલન

**માધ્યમિક તબક્કો (Secondary Stage – ધોરણ ૯ થી ૧૨)**

**વયજૂથ** : **૧૪ થી ૧૮ વર્ષ**

**વિશેષતાઓ** :

આ તબક્કો વિદ્યાર્થીની જીવનના સૌથી મહત્ત્વપૂર્ણ તબક્કાઓમાંનો એક છે, જ્યાં તેઓ પોતાની

કારકિર્દીની દિશા નક્કી કરે છે. આ તબક્કાના વિદ્યાર્થીઓ વધુ પરિપક્વ વિચારસરણી ધરાવે છે અને સ્વતંત્ર નિર્ણયો લેવા સક્ષમ બને છે.

**HPCનું સ્વરૂપ** :

માધ્યમિક તબક્કાનું HPC વિદ્યાર્થીને ભવિષ્યલક્ષી આયોજનને પ્રોત્સાહન આપે છે. વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીની આકાંક્ષાઓ (Career Aspirations) શું છે, અને તે પૂર્ણ કરવા માટે તેમને શું કરવાની જરૂર છે તે લખવા/સમજવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**મુખ્ય ઘટકો** :

- **કારકિર્દી આયોજન :** વિદ્યાર્થી પોતાની કારકિર્દીના લક્ષ્યો અને તે હાંસલ કરવા માટેના પગલાં સ્પષ્ટ કરે છે.
- **સહાય અને સમર્થન :** વિદ્યાર્થીઓ તેમના લક્ષ્યો હાંસલ કરવામાં મદદરૂપ થતી બાબતો, જેમ કે, તેમની શક્તિઓ/ક્ષમતાઓ, ઘરે/સમુદાયમાં મળતો ટેકો અને શાળામાંથી મળતા સમર્થન વિશે પણ નોંધ કરે છે.
- **સમય વ્યવસ્થાપન :** જીવનકૌશલ્યોમાંથી એક મહત્ત્વપૂર્ણ કૌશલ્ય - સમય વ્યવસ્થાપનનું મૂલ્યાંકન પણ થાય છે.
- **વિષય પસંદગી :** વિદ્યાર્થી પોતાની રુચિઓ અને કારકિર્દી લક્ષ્યો અનુસાર વિષયોની પસંદગી કરે છે.

## સર્વગ્રાહીતાનો સંકલ્પ અને ભવિષ્યની પેઢીનું ઘડતર

સર્વગ્રાહી પ્રગતિપત્રક (HPC) એ માત્ર એક શૈક્ષણિક સુધારો નથી, પરંતુ ભારતીય શિક્ષણ જગતની ફિલસૂફીમાં આવેલું મૂળભૂત પરિવર્તન છે. તે વિદ્યાર્થીને માત્ર 'માર્ક્સ' આધારિત સફળતાથી મુક્ત કરીને, જાગૃત, સંવેદનશીલ અને સર્જનાત્મક 'વિકાસાર્થી' બનાવે છે.

HPC એ ખાતરી આપે છે કે આપણી શિક્ષણ પ્રણાલી દરેક બાળકની અનન્ય પ્રતિભા (Unique Talent) ને સન્માન આપે. તે વિદ્યાર્થીના આત્મવિશ્વાસને પોષે છે અને તેને નૈતિક, ભાવનાત્મક અને બૌદ્ધિક રીતે સમૃદ્ધ સપૂર્ણ માનવી (Total Human) બનવા માટે સશક્ત બનાવે છે.

**પંચકોષ સિદ્ધાંતનું સમન્વય** :

HPC એ પંચકોષ સિદ્ધાંતને આધુનિક શૈક્ષણિક સંદર્ભમાં જીવંત બનાવ્યો છે. ક્ષેત્ર (અન્નમય કોષ) વિદ્યાર્થીને શારીરિક રીતે સ્વસ્થ અને સક્ષમ બનાવે છે. પર્વત (મનોમય અને વિજ્ઞાનમય કોષ) તેને બૌદ્ધિક રીતે સશક્ત બનાવે છે. આકાશ (આનંદમય કોષ) તેને આધ્યાત્મિક અને નૈતિક રીતે ગહન અને સંવેદનશીલ બનાવે છે.

આ ત્રણેય સ્તરોના સંતુલિત વિકાસ દ્વારા HPC એક એવા માનવીનું નિર્માણ કરે છે જે શારીરિક રીતે સ્વસ્થ, માનસિક રીતે સબળ, ભાવનાત્મક રીતે સંતુલિત, સામાજિક રીતે જવાબદાર અને આધ્યાત્મિક રીતે જાગૃત હોય.

**ભવિષ્યની દિશા** :

આ પત્રક દ્વારા ભારત એક એવા ભવિષ્ય તરફ પ્રયાણ કરી રહ્યું છે, જ્યાં શિક્ષણનો આદર્શ विद्ययाऽमृतमश्नुते (વિદ્યા દ્વારા અમૃત પ્રાપ્ત થાય છે.) સાચા અર્થમાં સાકાર થશે. HPC એ શિક્ષણને 'માપન થી સંવર્ધન' તરફ, ગુણપત્રકથી ગુણસંપદા તરફ અને પરીક્ષાર્થીઓથી વિકાસાર્થીઓ તરફનો સુંદર પ્રવાસ હોય.

જ્યારે આપણે બાળકને માત્ર પરીક્ષામાં મેળવેલા ગુણોથી આગળ જોઈશું, જ્યારે આપણે તેની અનન્ય પ્રતિભાને ઓળખીશું, અને જ્યારે આપણે તેના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ થઈશું, ત્યારે જ આપણે વાસ્તવિક અર્થમાં નવા ભારતના નિર્માણમાં યોગદાન આપી શકીશું.

**સર્વગ્રાહી પ્રગતિપત્રક એ માત્ર એક દસ્તાવેજ નથી,**
**તે ભારતીય શિક્ષણની પુનર્જાગૃતિનો સંકલ્પ છે,**
**જે દરેક બાળકને તેની સમગ્રતામાં વિકસવાની તક આપે છે.**

**સર્વે ભવન્તુ સુખિનઃ, સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુઃખભાગ્ભવેત્ ॥**

(બધા સુખી થાઓ, બધા નિરોગી થાઓ, બધા મંગળ જુએ, કોઈને દુઃખનો ભાગી ન બનવું પડે.)

# पढ़ाई का विज्ञान-९

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

पुणे के एक प्रतिष्ठित संस्थान में आयोजित "पढाई का विज्ञान" कार्यक्रम के दौरान एक छात्रा ने हाथ उठाकर कहा कि वह न्यूज़ रिपोर्टर बनना चाहती है। यह सुनकर मुझे बहुत उत्सुकता हुई, क्योंकि यह कुछ अलग था। आमतौर पर हमारे कार्यक्रमों में छात्र डॉक्टर, इंजीनियर या आईएएस बनने की बात करते हैं। उत्साह में मैंने उससे पूछा कि क्या वह नियमित रूप से समाचार चैनल देखती है ? उसने कहा "नहीं"। फिर मैंने पूछा, क्या वह अखबार पढ़ती है ताकि विभिन्न सेक्शन, कॉलम और लेखन शैली को समझ सके ? लेकिन आश्चर्यजनक रूप से जवाब फिरसे "नहीं" था।

मैंने आगे पूछा कि क्या वह भाषाएँ सीखने में रुचि रखती है या कौन-सी भाषा उसे सबसे अधिक पसंद है, और क्या वह पाठ्यपुस्तकों के अलावा कुछ पढ़ती है ? मेरे मन में विचार था कि एक रिपोर्टर के लिए भाषाओं का ज्ञान बहुत सहायक होता है। लेकिन उसने बताया कि उसे न तो भाषाएँ सीखने का शौक है, न ही पढ़ने का। यहाँ तक कि उसने कभी स्कूल या कॉलेज की किसी गतिविधि या कार्यक्रम में सहभाग भी नहीं लिया, जो उसकी रुचि को आगे बढ़ा सके। मैं पूरी तरह से निरुत्तर था I जब वर्तमान गतिविधियाँ ही उस दिशा में नहीं हैं, तो वह रिपोर्टर कैसे बनेगी ? क्या उसने यह केवल अपने साथियों और श्रोताओं को प्रभावित करने के लिए कहा था, कुछ नया या अलग कहने के लिए ? पता नहीं।


हिंदी फिल्म "12th फेल" के रिलीज़ होने के बाद भी ऐसा ही अनुभव हुआ I कई छात्रों ने कहा कि वे आईएएस अधिकारी बनना चाहते हैं। यहाँ मुद्दा यह नहीं है कि हम क्या बनना चाहते हैं, बल्कि यह है कि क्या हमारी वर्तमान गतिविधियाँ उस दिशा में हमें ले जा रही हैं या नहीं। क्योंकि हमारी आज की गतिविधियाँ ही हमें उस मंज़िल तक पहुँचा सकती हैं जहाँ हम पहुँचना चाहते हैं।

महत्त्वाकांक्षा (Ambition) हमेशा रोमांचक होती है। लेकिन उस महत्त्वाकांक्षा को उपलब्धि (Achievement) में बदलने के लिए आवश्यक है, - उचित गतिविधियाँ (Appropriate Activities)। यही गतिविधियाँ हमारी क्षमताओं (Abilities) को विकसित करती हैं, और यही क्षमताएँ हमारी आकांक्षाओं को वास्तविकता में बदल देती हैं। हमारे कार्यक्रमों में हम विद्यार्थियों के साथ एक

अभ्यास करते हैं, जिसे हम "MAAI – Measuring Ambitions vs Abilities Index" कहते हैं I यह विद्यार्थियों की इच्छा और वर्तमान वास्तविकता का आत्ममूल्यांकन है।

हम सब जानते हैं कि जीवन परस्पर जुड़ा हुआ है। हमारे अतीत के कर्म (Past Actions) हमें वर्तमान (Present) देते हैं, और वर्तमान के कर्म हमारे भविष्य (Future) को आकार देते हैं। परीक्षा की तैयारी के हमारे प्रयास ही हमारे परिणाम तय करते हैं, और वही परिणाम आगे चलकर हमारे करियर की दिशा निर्धारित करते हैं। यदि हमारी गतिविधियाँ पर्याप्त रूप से उपयुक्त नहीं हैं, तो हम अपने लक्ष्य तक नहीं पहुँच सकते।

दिलचस्प बात यह है कि हर दिन हम अपनी इच्छित मंज़िल की ओर या उससे दूर जा रहे होते हैं। हमारी कृति (Activity), हमारी वृत्ति (Habit) बनाती है। वृत्ति से हमारी प्रवृत्ति (Character) बनती है, और प्रवृत्ति से हमारी प्रकृति (Nature)। यह क्रम बिल्कुल स्पष्ट है। हम सब जानते हैं कि इसमें "अच्छा" का अर्थ है उचित (Appropriate), जो हमें सफलता की ओर ले जाता है, और "बुरा" का अर्थ है अनुचित (Inappropriate), जो असफलता की दिशा में ले जाता है। क्या उचित है और क्या नहीं, इसका निर्णय हम स्वयं कर सकते हैं। कोई और हमारे लिए यह निर्णय नहीं ले सकता।



यह चार्ट या सिद्धांत नया नहीं है। प्राथमिक विद्यालय के बच्चे भी इसे जानते हैं। लेकिन सफलता "जानने" में नहीं, बल्कि "करने" में है I इसे अपने जीवन में उतारने में है। कभी-कभी जब हम कोई अनुचित काम दो-तीन बार दोहराते हैं, तो वह "बुरी आदत" बन जाती है, और हम असफलता की दिशा में चल पड़ते हैं। इसलिए हमें अपने जीवन की ज़िम्मेदारी स्वयं लेनी चाहिए, क्योंकि यह हमारे अपने कर्मों का परिणाम है। हमारे कर्मों के पीछे की भावना (Intention) ही हमारा भाग्य तय करती है।

अगर मैं पुणे से कोल्हापुर जाना चाहता हूँ, और सड़क बहुत अच्छी है, गाड़ी भी नई है, लेकिन मैं दिशा भूलकर मुंबई की ओर चल पड़ा, तो मैं कभी कोल्हापुर नहीं पहुँच सकता। समस्या सड़क या गाड़ी की नहीं, दिशा की है। जीवन में दिशा भूल जाना भी उतना बड़ा मुद्दा नहीं है, जितना यह है कि भूलने के बाद भी हम उसे पहचानें नहीं या सुधारें नहीं। जीवन के सफर में हमें संकेत मिलते रहते हैं, लेकिन हम उन्हें अनदेखा करते हैं। समस्या ज्ञान की कमी नहीं, बल्कि उसकी अनदेखी (Ignorance) है। सफलता और असफलता की ओर ले जाने वाले कर्मों का यह चार्ट सभी को ज्ञात है I सवाल यह है कि हम इसे मानते हैं या अनदेखा करते हैं ?

हर रात हम अपने दिन का स्व-मूल्यांकन (Self-Audit) कर सकते हैं। यह सोचकर कि आज हमने कौनसी वांछनीय और अवांछनीय गतिविधियाँ कीं है ? और अगले दिन के लिए क्या सुधार करने हैं। इससे हम हर गतिविधि से पहले अधिक सजग होंगे। ताकि अगली बार जब हम कोई काम शुरू करें, तो हमारे भीतर की आवाज़ हमसे पूछे, ""मैं जो कर रहा हूँ, क्या वह सही दिशा में है ?"

# જમણો હાથ ખોટો છે

– દિનેશ માંકડ (9427960979)

ધોરણ દસના ભાષાશિક્ષકને વર્ગકાર્ય સમયબંધનથી કરાવવાની ટેવ... જેથી પરીક્ષામાં કશું છૂટી ન જાય. લાંબા નિરીક્ષણ પછી શિક્ષકેના ધ્યાનમાં આવ્યું કે તેજસ્વી વિદ્યાર્થી સુનિલ મૌખિક પ્રશ્નોત્તરીમાં ઉત્તર આપવામાં હંમેશ અગ્રેસર, પણ લખવાની વાત આવે હંમેશ પાછળ. ભાવહૃદયી શિક્ષકે પાસે જઈને કારણ જાણવાનો પ્રયત્ન કર્યો. ઉત્તર મળ્યો, 'સાહેબ મારો જમણો હાથ ખોટો છે.'

શાળા એ સમાજનું અભિન્ન અંગ છે અને સમાજ શાળા પાસે ઉત્તમ નાગરિકની અવશ્ય અપેક્ષા રાખે છે. આપણે વર્ષોથી શિક્ષણના મૂળભૂત હેતુઓ વાગોળતા રહ્યા છીએ. શિક્ષણનો પાયાનો હેતુ તે સર્વાંગિણ વિકાસ. શું ખરેખર આ હેતુને બધી શાળાઓ પૂર્ણ – જી હા, પૂર્ણ સાકારિત કરવા વિચારે છે ખરી ?

વ્યક્તિમાત્રનો જમણો હાથ ક્રિયાશીલતાનો મુખ્ય આધાર છે અને એ જો અધૂરપવાળો હોય તો ? ઘણી વખત માનવમાત્રમાં કોઈ ને કોઈ શારીરિક કે માનસિક ઓછી કે વત્તી ક્ષતિ હોય. કોઈવાર કુદરતજન્ય તો કોઈવાર સંજોગજન્ય પણ હોય.

શાળા ઉત્તમ શિક્ષણ આપે. સહાભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીમાં કલા વિકસે તેવા પ્રયાસો પણ કરે. પણ કેટલાય વિદ્યાર્થીઓ અનેક અનેક ઊણપો લઈને શાળામાં આવે છે, તેનો કેટલી શાળાઓ વિચાર કરે છે ? દર વર્ષે શાળાઓમાં તબીબી તપાસ થાય છે. કોઈ વિદ્યાર્થીઓમાં કોઈ નાના-મોટા રોગનું નિદાન પણ થાય છે. વાલી જાગૃત હોય તો સારી વાત છે. સરકારશ્રી દ્વારા બાળકો માટે અનેક યોજનાઓ છે. શાળાએ આવા વિદ્યાર્થીઓની માહિતી મેળવીને તેનું અનુકાર્ય કરવું એ શાળાની નૈતિક જવાબદારીનો ભાગ છે. ગ્રામ્ય વિસ્તારમાં આ વાત અતિ આવશ્યક બની જાય છે. ખાસ તો શાળા સમય અને અભ્યાસકાર્યમાં તેનું વ્યક્તિગત માર્ગદર્શન અને પ્રેરણા ખૂબ આશીર્વાદ રૂપ બની શકે.

સામાન્ય છતાં સત્ય દાખલો ટાંકવાનું મન થાય છે. ધોરણ નવથી નિયમિત ઇન્સ્યુલિન લેતા

વિદ્યાર્થીની શાળાએ કાળજી લીધી ને તે દસમા ધોરણમાં બોર્ડની પરીક્ષામાં અંગ્રેજીનાં વિષયમાં શાળાના 150 વિદ્યાર્થીઓમાં સૌથી ઉચ્ચત્તમ ગુણ લાવ્યો.

શાળામાં આવનાર દરેક વિદ્યાર્થી અલગ-અલગ વાતાવરણમાંથી આવતો હોય છે. તેના વિસ્તારની અને તેના પરિવારના પર્યાવરણની તેના પર મોટી અસર હોય. જો આવી અસર હકારાત્મક હોય તો સારી વાત છે પણ જો નકારાત્મક હોય તો તેમાં વિદ્યાર્થીને દોષિત ગણી, તેના પર પૂર્વગ્રહ રખાય તે યોગ્ય નથી. પરંતુ તેને વ્યક્તિગત કે સામૂહિક માર્ગદર્શન આપીને તેની ત્રુટિને દૂર કરાય તે સાચી રીત છે. કેટલાય ઘરોમાં માતા-પિતા વ્યવસાય કરતાં હોય, કોઈ શ્રમિક વર્ગ હોય કે પછી શિક્ષિત હોય તો કોઈ કચેરી કે બેંકમાં હોય. તેમના બાળકોને કેટલીક વાર ઘરની હૂંફ ન મળતી હોય. માતાપિતા તેમના માટે ઓછો સમય ફાળવી શકતા હોય... આવાં સંતાનોમાં શાળામાં કોઈ વિશેષ વર્તન દેખાઈ આવે. શાળાએ જ્યારે કોઈ આવાં વિદ્યાર્થીઓના વિશેષ લક્ષણો તારવીને તેના ઉકેલની દિશામાં ચોક્કસ આગળ વધવું જોઈએ.

ધર્માંશું જ ઉદાહરણ જુઓને. માતા પિતા પોસ્ટઑફિસમાં સેવા આપે. ખૂબ વ્યસ્ત. દુઃખની વાત એ કે બંને વચ્ચે મોટો વિચારભેદ. ઘરમાં સતત ક્લેશનું વાતાવરણ. બાળસહજ ધર્માંશું તેનો સાક્ષી બન્યા કરે. ખૂબ અન્યાય સહન કરે અને સતત મૂંગો રહે. મિત્રોમાં પણ ઘરની વાત કેમ કહેવાય ? એના સદ્‌નસીબે શાળાના એક-બે શિક્ષકોને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેઓએ તેની સાથે મિત્રસમ વ્યવહાર બાંધ્યો. અભ્યાસમાં તેજસ્વી ધર્માંશું, સંઘર્ષ છતાં 12 વિજ્ઞાન પ્રવાહમાં ઝળક્યો. અત્યારે ગુજરાતના મોટા શહેરમાં ખ્યાતનામ યુરોલોજિસ્ટ તરીકે નામ કાઢ્યું છે. શાળા શું કરી શકે તેનું આ અનન્ય ઉદાહરણ છે.

નાની સરખી પ્રેરણા કેવું જીવન બદલી શકે તેનું ઉદાહરણ ફાધર વાલેસે તેમના અનુભવોમાં વર્ણવ્યું છે. કૉલેજના પ્રથમ વર્ષનો એક વિદ્યાર્થી ગણિતમાં હંમેશ પાછળ રહે. ફાધરનું ધ્યાન ગયું. એક દિવસ વર્ગમાં સોંપેલું કાર્ય વિદ્યાર્થીઓ કરતા હતા ત્યારે તેઓ એ વિદ્યાર્થી પાસે ગયા. ખભે હાથ મૂકીને તેને અધૂરા દાખલામાં આગળ વધવા કહ્યું. વિદ્યાર્થીનો ઉત્તર : 'સાહેબ, આગળનું પગલું નથી આવડતું.' ફાધર : 'એ તો સરળ છે.' કહી તેની જ નોટમાં આગળનું પગલું લખી આપ્યું ને આગળ વધવા કહ્યું... અને દાખલો પૂરો થયો ત્યાં સુધી ઉભા રહ્યા. ફાધર વાલેસ લખે છે : 'તેનો આત્મવિશ્વાસ એટલો તો વધ્યો કે કૉલેજના અંતિમ વર્ષની પરીક્ષામાં તેને ગણિતમાં ઉચ્ચત્તમ ગુણ

પ્રાપ્ત થયા.'

એક આચાર્યએ શાળા સમયે મોડા આવતા વિદ્યાર્થીઓને નિયમિત કરવા વિશેષ અભિયાન ઉપાડ્યું. ચુસ્ત શિસ્ત આગ્રહી વ્યાયામ શિક્ષકને ફરજ સોંપી. શાળા પ્રવેશદ્વારે ઉભેલા વ્યાયામ શિક્ષકે, શાળામાં નિયમિતતાના ખૂબ ઊંચા પરિણામ લાવી દીધાં. ચોક્કસ સારી પ્રણાલી અને છાપ એ માટે ઉભી થઈ.

બે-પાંચ અઠવાડિયાં પછી આચાર્યશ્રી ઝીણવટથી વર્ગવાર હાજરી તપાસતા હતા. અચાનક એમના ધ્યાનમાં આવ્યું કે કેટલાક વિદ્યાર્થીઓ જે અગાઉ શાળામાં હાજરી આપતા હતા તે આ વિશેષ અભિયાન પછી બિલકુલ આવતા જ બંધ થઈ ગયા. આચાર્યએ આવા વિદ્યાર્થીઓ તારવી તેમના વાલીઓની વિશેષ મિટિંગ બોલાવી. આચાર્ય માની ન શકે તેવાં કારણો મળ્યાં. એક વિદ્યાર્થી પરિવારની આર્થિક મદદ માટે રોજ સવારે 90 વર્તમાનપત્ર વહેંચીને શાળાએ આવતો, તેથી મોડો થતો. દેશી દારૂની ભઠ્ઠી ચલાવનારાનો દીકરો રાત્રે બે વાગ્યા સુધી પિતાની સહાય કરે. માતાપિતા, શાકભાજીની લારી ભરવા મોટા દીકરાને સવારે પાંચ વાગ્યે ઉઠાડીને જતા રહે. મોટો દીકરો પોતાના બે ચાર વર્ષ નાના ભાઈને ઉઠાડી, તૈયાર કરીને પ્રાથમિક શાળાએ મોકલે. પછી પોતે શાળાએ જવા નીકળે. જી હા, આ ગુજરાતના મોટા શહેરના અનેક વિસ્તારોના જ પ્રસંગો છે.

શાળા અને આચાર્ય ફંફોસે તો શાળાએ શાળાએ આવા અનેક કિસ્સાઓ મળી જ આવે. શાળા વિદ્યાર્થી વિકાસ માટે ઘણું ઘણું કરતી જ હોય છે. વિદ્યાર્થીઓની પરોક્ષ અક્ષમતા શબ્દો, જવાબદારી તો વાલીની વિશેષ છે. આવા સમયે જાણીતા પ્રેરક ડૉ. બી. એન. દસ્તુરજીની અબક -તબક થિયરી યાદ રાખવા જેવી છે. 'અબક' એટલે અમારાથી બનતું કરીશું અને 'તબક' એટલે તમારાથી બનતું કરો. જો શાળા તેનો પ્રયત્ન કરશે તો વાલી કદાચ તેની નોંધ પણ લેશે. અને સાથ પણ આપશે. આવતીકાલનો એક વધુ સ્વસ્થ નાગરિક દેશને મળશે.

પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી સમજાવે કે 'પૂર્ણ નિ:સ્વાર્થથી કરેલું દરેક કાર્ય એ ભગવાનની પૂજા જ છે.' 'ભગવાનનું જ કાર્ય આપણા દ્વારા થાય છે.' આવો , નિયમ, ફરજ, જવાબદારી જેવા શબ્દોથી બહાર નીકળીને આપણે પણ થોડું ઊંડું નિરીક્ષણ કરીને શાળાના બધા વિદ્યાર્થીઓના જમણા હાથ મજબૂત કરીએ. અસ્તુ..

**"કોઈ શિક્ષક આચાર્ય બને તો તે શિક્ષક મટી નથી જતો,**
**તેનું કામ માત્ર સંભળાવવાનું, સાંભળવાનું કે સંભાળવાનું નથી"**

# શિક્ષકનો પ્રવાસ – શિક્ષણથી આચાર્યપદ સુધી...

**- જી. એસ. દેધરોટીયા,** પાટણ
પૂર્વ આચાર્ય, ઈલોલ હાઈસ્કૂલ, ઈલોલ.
જિ. સાબરકાંઠા. (મો.) 9427779606

માનવજીવનનો સર્વોત્તમ ધર્મ એટલે શિક્ષણ. અને શિક્ષણનો આધારસ્તંભ એટલે શિક્ષક. શિક્ષક એ માત્ર પાઠ્યપુસ્તકના પાઠ સમજાવનાર વ્યક્તિ નથી, પણ તે એક એવી દિવેટ છે જે પોતાનો પ્રકાશ ફેલાવીને અન્યના જીવનમાં અજવાળું લાવે છે. શિક્ષકનું સ્થાન "ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વર"ની પરંપરામાં દેવતુલ્ય માનવામાં આવ્યું છે.

શિક્ષક જ્યારે પોતાના કાર્યમાં નિપુણ બને, અનુભવો અને દૃષ્ટિ વધે, સંગઠન અને સંચાલનની ક્ષમતા વિકસે ત્યારે તેને આચાર્યપદની જવાબદારી સોંપવામાં આવે છે. આચાર્ય બનવું એ કોઈ અધિકાર મેળવવો નથી, પરંતુ એક ઉંચી જવાબદારી સ્વીકારવી છે. આચાર્ય એ માત્ર સંસ્થાનો વડા નથી, પણ સમગ્ર શૈક્ષણિક પરિવારનો માર્ગદર્શક, પ્રેરક અને સંવેદનશીલ સંચાલક છે.

પરંતુ ઘણી વાર એવું માનવામાં આવે છે કે "એકવાર શિક્ષક આચાર્ય બની જાય પછી શિક્ષક તરીકેનું તેનું કાર્ય સમાપ્ત થઈ જાય છે." – હકીકતમાં આ વિચાર અર્ધસત્ય છે. શિક્ષક આચાર્ય બને, પણ તે "શિક્ષક" તરીકેની તેની મૂળ ઓળખ કદી ગુમાવતો નથી. કારણ કે આચાર્ય બન્યા પછી તેની ભૂમિકા શિક્ષણથી સંચાલન તરફ વિસ્તરે છે, પરંતુ શિક્ષણની મહેક અને શિક્ષણની પ્રેરણા તેના સ્વભાવમાં સતત રહેલી રહે છે.

## ૧. શિક્ષક અને આચાર્યનો મૂળભૂત તફાવત

શિક્ષક એટલે શિક્ષણ આપનાર, જ્યારે આચાર્ય એટલે શિક્ષણ આપવાની સાથે સંસ્થા અને કર્મચારીઓનું માર્ગદર્શન કરનાર. શિક્ષક પોતાનાં વિદ્યાર્થીઓ સુધી સીમિત હોય છે, જ્યારે આચાર્યની વ્યાપ્તિ આખી સંસ્થા સુધી ફેલાય છે.

પણ આ તફાવત માત્ર ભૂમિકાનો છે, મૂળ તત્ત્વનો નથી. આચાર્ય પણ એક શિક્ષક છે – તે

"શિક્ષણના મૂળમાં રહેલા મૂલ્યો"ને જીવતો રહે છે. તે અન્ય શિક્ષકોને પ્રેરિત કરે છે, વિદ્યાર્થીઓ માટે પરિસ્થિતિઓ સર્જે છે અને શૈક્ષણિક વાતાવરણ જાળવે છે.

એક સારો શિક્ષક જ્યારે આચાર્ય બને છે, ત્યારે તે વ્યવહારિક રીતે સંચાલક બને છે પરંતુ આત્મિક રીતે તે હજી પણ શિક્ષક જ રહે છે. તે વાંચન-લેખન-અભ્યાસની આત્માને જીવંત રાખે છે.

**૨. આચાર્યનું કાર્ય "સંભાળવાનું" નથી, પણ "પ્રેરણા આપવાનું" છે**

આચાર્યનું કાર્ય ફક્ત સંચાલન, બેઠક, રિપોર્ટ કે શિસ્ત જાળવવા સુધી મર્યાદિત નથી. તેનું મુખ્ય ધ્યેય છે – સંસ્થામાં એવી ઊર્જા ફેલાવવી કે દરેક શિક્ષક પોતે જ ઉદ્દીપિત બને, દરેક વિદ્યાર્થી ઉત્સાહી બને અને આખું પરિસર શિક્ષણના પ્રકાશથી ઝળહળતું બને.

આચાર્યનું કાર્ય માત્ર "સંભાળવાનું" નહીં પરંતુ "જીવંત રાખવાનું" છે. સંસ્થા એક યંત્ર નથી કે જેને સંભાળવી પડે; તે એક સજીવ તંત્ર છે જેને પોષવું પડે છે. શિક્ષક આચાર્ય બને ત્યારે તેની દૃષ્ટિ વધારે વ્યાપક બની જાય છે – હવે તે એક વર્ગ નહીં પરંતુ આખી શાળા/કોલેજનું ભવિષ્ય ઘડે છે.

**૩. શિક્ષકનો સ્વભાવ આચાર્યપદમાં કેવી રીતે પ્રગટે છે**

એક સારો આચાર્ય કદી શિક્ષકથી અલગ થઈ શકતો નથી. તેની દરેક ક્રિયામાં શિક્ષકત્વ ઝળકે છે. ઉદાહરણ તરીકે –

જ્યારે તે નવા શિક્ષકોને માર્ગદર્શન આપે છે, તે એક શિક્ષક તરીકે બોલે છે. જ્યારે તે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરે છે, ત્યારે તે વહીવટદાર નહીં પરંતુ શિક્ષક બને છે. જ્યારે તે અભ્યાસક્રમમાં સુધારણા કરે છે, ત્યારે તે શિક્ષણશાસ્ત્રના દૃષ્ટિકોણથી વિચારે છે.

શિક્ષકપદ એ તેની વૃત્તિ છે, જ્યારે આચાર્યપદ એ તેની ફરજ. વૃત્તિ કદી બદલાતી નથી; ફરજ સમય સાથે બદલાય છે. તેથી આચાર્યપદમાં પણ શિક્ષકનું બીજ સતત જીવતું રહે છે.

**૪. સંભળાવવાની ભૂમિકા નહીં – સંવાદ અને સહયોગની ભૂમિકા**

આચાર્યનું કામ "આદેશ આપવાનું" નથી પરંતુ "આદરપૂર્વક માર્ગદર્શન આપવાનું" છે. સંસ્થામાં સકારાત્મક વાતાવરણ ત્યારે જ સર્જાય છે જ્યારે આચાર્ય "સંભાળનાર" નહીં પરંતુ "સંવાદક" બને.

જો આચાર્ય માત્ર સુચના આપતો રહેશે તો તે મશીન બની જશે, પણ જો તે ચર્ચા, સંવાદ અને સહયોગને પ્રોત્સાહિત કરે તો સંસ્થા જીવંત બને છે. તે દરેક શિક્ષકને અનુભવો વહેંચવાની તક આપે છે, વિદ્યાર્થીઓની વાણી સાંભળે છે અને સમાજ સાથે શૈક્ષણિક સંબંધો બાંધે છે.

**૫. શિક્ષકથી આચાર્ય સુધીનો પ્રવાસઃ એક માનસિક પરિવર્તન**

શિક્ષકથી આચાર્ય બનવું એ માત્ર પદપ્રાપ્તિ નથી; એ માનસિક પરિવર્તન છે.

શિક્ષકનો ફોકસ "વિદ્યાર્થીઓ" પર હોય છે.

આચાર્યનો ફોકસ "વિદ્યાર્થીઓ + શિક્ષકો + સંસ્થા" પર હોય છે.

પણ આ પરિવર્તન છતાં તેની અંતર આત્મામાં શિક્ષકતાની ઉષ્મા કાયમ રહે છે.

શિક્ષક જ્યારે આચાર્ય બને છે ત્યારે તે સમજવા લાગે છે કે શિક્ષણ ફક્ત પાઠ્યક્રમ પૂરતું નથી, પરંતુ એક પરિસ્થિતિનું નિર્માણ છે. આ પરિવર્તન તેને વધારે જાગૃત અને જવાબદાર બનાવે છે.

**૬. આચાર્ય તરીકે શિક્ષકના ગુણો**

શિક્ષક જ્યારે આચાર્ય બને છે, ત્યારે તે નીચેના ગુણોને વધુ ઊંડાણથી જીવતો થાય છે –

**દૂરદર્શિતા (Vision) :** તે ભવિષ્યનું દૃષ્ટિકોણ ઘડે છે.

**પ્રેરણા આપવાની શક્તિ :** તે ટીમને ઉત્સાહિત રાખે છે.

**સહાનુભૂતિ :** તે દરેક શિક્ષક અને વિદ્યાર્થીની પરિસ્થિતિને સમજવાની ક્ષમતા ધરાવે છે.

**નૈતિકતા :** તે પોતાના આદર્શો દ્વારા માર્ગદર્શન આપે છે.

**વિદ્યા પ્રેમ :** તે હજી પણ શીખવાની અને શીખવવાની પ્રક્રિયામાં જીવંત રહે છે.

આ બધા ગુણો શિક્ષકત્વમાંથી આવે છે. એટલે જ કહેવામાં આવે છે – "આચાર્ય શિક્ષક વગર થઈ શકતો નથી."

**૭. આચાર્યનું સ્થાન – પદ કરતાં વધુ એક જવાબદારી**

આચાર્યનું સ્થાન પદ નથી, તે સેવા છે. તેની દરેક ક્રિયા સંસ્થા, વિદ્યાર્થીઓ અને સમાજ માટે ઉદાહરણ બને છે. જો આચાર્ય માત્ર વહીવટકર્તા બની જાય તો સંસ્થા ધીમે ધીમે શિથિલ બને છે. પરંતુ જો તે શિક્ષકની ભાવના જાળવી રાખે, તો સંસ્થા સજીવ બને છે.

આચાર્યની પ્રતિષ્ઠા તેનું વલણ નક્કી કરે છે — જો તે દંડાધિકાર વડે નહીં પરંતુ સંવેદનશીલતા વડે સંસ્થા ચલાવે, તો દરેક શિક્ષક તેને ગુરુ સમાન માને છે.

**૮. સંભળાવવાની જગ્યાએ "સાંભળવાની" કળા**

સંસ્થાનો સફળ આચાર્ય તે છે જે વધુ બોલે નહીં પરંતુ વધુ સાંભળે. શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓની વાતો ધ્યાનપૂર્વક સાંભળીને તે ઉકેલ લાવે છે.

શિક્ષક તરીકે તેણે શીખ્યું હોય છે કે દરેક વિદ્યાર્થી અલગ છે; આચાર્ય તરીકે તે શીખે છે કે દરેક શિક્ષક અલગ છે. એટલે તે સર્વના સ્વભાવ, પરિસ્થિતિ અને જરૂરિયાતને સમજીને યોગ્ય માર્ગદર્શન આપે છે.

**૯. શિક્ષકતાની સતત જ્યોત**

શિક્ષક આચાર્ય બને છતાં તેની અંદરનો શિક્ષક કદી બુઝાતો નથી. જેમ દીવો મોટો થાય તોય તે પ્રકાશ આપવાનું કામ જ કરે છે, તેમ આચાર્ય પણ પ્રકાશ ફેલાવવાનું કામ ચાલુ રાખે છે.

તે કદાચ વર્ગમાં પાઠ ન લેતો હોય, પરંતુ તેની દરેક વાણી શિક્ષણ આપે છે, તેની દરેક ક્રિયા શીખવે છે, તેની દરેક બેઠકમાં માર્ગદર્શનનું તત્ત્વ રહેલું હોય છે.

આચાર્ય એ સંસ્થાનો "મૌન શિક્ષક" છે — જે શબ્દોથી નહીં પરંતુ વર્તનથી શિક્ષણ આપે છે.

**૧૦. ઉદાહરણરૂપ આચાર્યત્વ**

ઈતિહાસમાં ઘણા એવા આચાર્યો થયા છે જેઓએ પોતાના શિક્ષકત્વથી સંસ્થાઓને જીવંત બનાવી.

**ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન :** આચાર્ય અને શિક્ષક બંને રૂપે આદર્શ.

ગાંધીજી પોતે "રાષ્ટ્રીય શિક્ષક" હતા, જેમની શાળાનો આધાર આદર્શો પર હતો.

રવીન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતન સ્થાપ્યું — જ્યાં તેઓ આચાર્ય હતા, પણ રોજ બાળકો સાથે બેઠા રહીને શિક્ષણ આપતા હતા.

આ બધા ઉદાહરણો બતાવે છે કે આચાર્યપણું એટલે શિક્ષકતાનું ઉચ્ચતમ રૂપ.

**૧૧. આધુનિક પરિસ્થિતિમાં આચાર્યના પડકારો**

આજના સમયમાં આચાર્યને અનેક પડકારોનો સામનો કરવો પડે છે –

• શૈક્ષણિક ગુણવત્તા જાળવવી

• ટેક્નોલોજી સાથે તાલમેલ

• શિક્ષકોમાં પ્રેરણા જાળવવી

• વાલીઓની અપેક્ષાઓ પૂરી કરવી

• સરકારના નિયમોનું પાલન

આ બધા વચ્ચે પણ આચાર્ય જો "શિક્ષક" તરીકેની તેની ઓળખ ભૂલી જાય તો તે સંસ્થા મશીન સમાન બની જાય છે. પરંતુ જો તે શિક્ષકતાની આત્માને જીવંત રાખે, તો દરેક પડકાર એક અવસર બની જાય છે.

**૧૨. આદર્શ આચાર્યની ઓળખ**

આદર્શ આચાર્ય તે છે –

• જે શિક્ષકો સાથે "ટીમ સ્પિરિટ"થી કામ કરે.

• જે વિદ્યાર્થીઓ સાથે સંવાદમાં રહે.

• જે પોતાના આદર્શોથી પ્રેરણા આપે.

• જે શિક્ષણને ધર્મ સમાન માને.

• જે સંસ્થાને પરિવાર સમાન સમજે.

તે સંસ્થા માટે હૃદય સમાન છે – જે આખા તંત્રમાં રક્તપ્રવાહ ચલાવતો રહે છે.

**૧૩. "આચાર્ય" શબ્દનો અર્થ – આચરણથી આરાધ્ય બનેલો**

"આચાર્ય" શબ્દનો મૂળ અર્થ છે – "આચરણથી આરાધ્ય બનેલો." એટલે કે જે પોતાના આદર્શોને જીવનમાં ઉતારે, તે આચાર્ય કહેવાય. એટલે આચાર્યનું મુખ્ય લક્ષણ આદર્શ આચરણ છે.

આચાર્ય જો માત્ર ઉપદેશ આપે અને પોતે પાલન ન કરે, તો તે માત્ર વહીવટદાર છે. પરંતુ જો તે પોતે અનુસરવા યોગ્ય જીવન જીવે, તો તે જીવંત પાઠ્યપુસ્તક બની જાય છે.

**૧૪. શિક્ષકથી આચાર્ય સુધીની સંસ્થા પર અસર**

જ્યારે શિક્ષક આચાર્ય બને છે અને પોતાની શિક્ષકતાને જીવંત રાખે છે, ત્યારે –

- શિક્ષકોને માર્ગદર્શન અને પ્રેરણા મળે છે.
- વિદ્યાર્થીઓ માટે અનુકૂળ વાતાવરણ સર્જાય છે.
- સંસ્થા માટે વિશ્વાસ અને એકતા બને છે.
- સમાજમાં સંસ્થાની પ્રતિષ્ઠા વધે છે.
- આચાર્ય એ માત્ર સંસ્થાનો વડા નહીં પરંતુ સંસ્થાનો આત્મા બને છે.

**૧૫. શિક્ષકત્વ કદી મટતું નથી**

શિક્ષક આચાર્ય બને એ શિક્ષણક્ષેત્ર માટે ગૌરવની વાત છે. પણ તે આચાર્ય કદી માત્ર સંચાલક ન બને, એ જ સાચી સિદ્ધિ છે. કારણ કે શિક્ષકતાનું મૂળ તત્ત્વ – પ્રેમ, સહાનુભૂતિ, જિજ્ઞાસા, માર્ગદર્શન અને પ્રેરણા – કદી બદલાતું નથી.

આચાર્યનું કામ સંભાળવાનું નહીં, પરંતુ સંસ્થાની આત્માને જીવંત રાખવાનું છે.

તેનો સમય ફક્ત સંભળાવવાનો નથી, પરંતુ સાંભળવાનો છે; ફક્ત દેખરેખ કરવાનો નથી, પરંતુ દિશા આપવાનો છે; ફક્ત સુચના આપવાનો નથી, પરંતુ ઉદાહરણ બનવાનો છે.

જ્યારે શિક્ષક આચાર્ય બને અને પોતાની અંદરનો શિક્ષક જીવંત રાખે – ત્યારે સંસ્થા ફૂલવાની સાથે ફળે છે, અને સમાજને સચ્ચા શિક્ષણનો લાભ મળે છે.

આચાર્ય બનવું એ શિક્ષકતાનું અંત નથી, એ તેની પરાકાષ્ઠા છે. જેમ દીવો મોટો થઈને વધુ પ્રકાશ ફેલાવે છે, તેમ શિક્ષક આચાર્ય બનીને શિક્ષણના પ્રકાશને વધુ વ્યાપક બનાવે છે. તેનો ધર્મ ન સંભળાવવાનો છે, ન સંભાળવાનો – પરંતુ "પ્રેરણા આપવાનો" છે.

સાચો આચાર્ય એ છે જે કહે નહીં, પણ જે જીવશે તે જ શીખવે. અને જ્યારે આદર્શ આચાર્ય એવા શિક્ષકમાંથી ઉત્પન્ન થાય છે, ત્યારે સંસ્થા એક મંદિર બને છે અને શિક્ષણ એક સાધના.

# આચાર્ય-પ્રેરક : શિક્ષક-વિદ્યાર્થીને આચાર્યની પ્રેરણા

**પ્રેષક : પ્રિ. નર્મદભાઈ ત્રિવેદી**
પૂર્વપ્રમુખ, ગુ.રા. આચાર્ય સંઘ
સંયોજક, 'સમન્વય' ગુજરાત
(મો.) 94263 62545

"Together we can do miracles." સથવારે જાદુ સર્જાય. શાળામાં આચાર્ય સંસ્થાનો વડો ગણાય છે. સંસ્થાના વડાએ વડપણ, શાણપણ અને ડહાપણનો સુમેળ સાધવો પડે. નિમણૂંક પહેલાં શાળાના સ્તરને, આંતરદષ્ટિથી નિહાળવાવાળો આચાર્ય ભાગ્યે જ નિષ્ફળ જાય ! નિમણૂંક પામ્યા પછી આચાર્ય, સ્ટાફ, શિક્ષકો, ગ્રંથપાલ, ઉદ્યોગ શિક્ષક, વ્યાયામ શિક્ષક, કારકુન, સેવક (પટાવાળા) વગેરેનો પરિચય પ્રથમ મિટિંગમાં મેળવે છે. સુપરવાઇઝર કે સિનિયર શિક્ષકો પર વિશ્વાસ મૂકી, તેની પાસેથી માહિતીથી આગવું આયોજન ઘડે છે. અમલમાં મૂકવા કોશિષ કરે છે. જે શાળામાં આવતા હોય તે શાળાના સંસ્કારો, પ્રવૃત્તિઓ, પ્રણાલિકાઓ, પ્રમાણસર અનુભવોને લઈને નવી શાળામાં જોડાય છે. કદાચ ત્યાંનું વાતાવરણ, કદ, પ્રતિષ્ઠા વગેરેને બુદ્ધિપૂર્વક પામી જાય, તો વહીવટ સરળ બની જાય.

સ્વાનુભવ, અન્ય મિત્રોને માર્ગદર્શનરૂપ થાય તેથી માર્ગદર્શક તરીકે નક્કર ઉદાહરણો રજૂ કરવામાં ક્ષોભ થતો નથી. ઈલોલ હાઈસ્કૂલ, તા. હિંમતનગરમાં વિના ઓર્ડરે ખાસ શાળા જોવા માટે મિત્ર લઈ ગયા. આચાર્ય સાથે ગપસપ થતાં, આચાર્યશ્રીએ બીજા દિવસ માટે નિમંત્રણ દીધું. ગયો. જાણે ઈન્ટરવ્યૂ હોય તેમ ધોરણ-9ના વર્ગમાં અંગ્રેજી વિષય ભણાવવા મોકલ્યો. પાઠમાળાથી અંગ્રેજી ભણ્યા હોઈ, પદ્ધતિ સરળ હતી. બાળકોને ગમ્યું. પ્રત્યુત્તર સારા. પ્રતિભાવો સારા. આત્મવિશ્વાસ વધ્યો. અને આચાર્ય તથા પ્રમુખે શાળામાં શિક્ષક તરીકે ઓર્ડરની ઓફર કરી. પૂજ્ય દાદાને પૂછી, ત્રીજા દિવસે જોડાયો. B.A.નું રિઝલ્ટ આવ્યું. ત્રીજા દિવસે શિક્ષકની નોકરી. ઇન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટનો કૉલ લેટર આવ્યો. શિક્ષક થવા પસંદ કર્યું. ઓર્ડરની વિધિ, આચાર્યશ્રીએ પૂરી કરી. મારાં પત્નીને પણ એ જ ગામે જિલ્લા શિક્ષણ સમિતિએ પ્રાથમિક શાળાનાં શિક્ષિકા તરીકે હુકમ, ત્રણ માસમાં જ આપ્યો. પતિ-પત્ની એક જ ગામમાં શિક્ષણ ક્ષેત્રે જોડાયાં.

પ્રથમ બે વર્ષમાં જ સેકન્ડરી ટીચર્સ સર્ટિફિકેટ - S.T.C. 1963માં ઉત્તીર્ણ થયો. સંસ્થાએ 1963માં ત્રણ વર્ષ સેવાની બાંહેધરી લઈ, ચાલુ પગારે બી.એડ્. માટે ડેપ્યુટ કર્યો. મ.સ. યુનિવર્સિટી, વડોદરા, ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં પ્રથમ તબક્કે, વિના કસોટીએ પ્રવેશ મળ્યો. હોસ્ટેલમાં પણ પ્રવેશ મળ્યો. 1960થી 1967ના ગાળામાં S.T.C., B.Ed. વગેરે પતાવી, બાંહેધરી હોવા છતાં, સારી શાળાઓ, આચાર્યપદ માટે ઓફર કરતી. નોટિસ પે ભરવાની તૈયારી સાથે આવતી, પરંતુ "સિદ્ધાંતના ભોગે સમાધાન ન કરવાના નિર્ણય"ને લઈ 3 વર્ષની બાંહેધરીની મુદત પૂરી કરી, 1967માં શિણોલ (તા. મોડાસા) હાઈસ્કૂલમાં જોડાયો. મારાં પત્ની 1963-64માં સિનિયર પી.ટી.સી. તાલીમ પૂરી કરી, ફ્રી સ્કોલરશીપ મેળવી તાલીમબદ્ધ બન્યાં. બન્ને શિણોલમાં જોડાયાં.

ધર્મશાળાના મકાનમાંથી, નદીનાં કોતર સપાટ કરી, દસ એકર જમીન મેળવી, નવા અદ્યતન મકાન માટે દાન માટે ગામેગામ રાત્રિપ્રવાસ કરી, કેળવણી મંડળના હોદ્દેદારો સાથે રાતદિવસ ફરી, પાંચ વર્ષમાં જ અદ્યતન મકાનમાં પ્રવેશ કર્યો. ત્યાં 120ની સંખ્યા, 4 વર્ગ, 6 શિક્ષકો, 2 ક્લાર્ક, 1 પટાવાળા મળી 8 સ્ટાફ મેમ્બર્સ હતાં.

નકા મકાનમાં આઠ વર્ગો, ત્રણસોની સંખ્યા, 12 શિક્ષક, 2 ક્લાર્ક, 2 પટાવાળા - સોળનો થયો. 1975માં હાયર સેકન્ડરી પ્રથમ તબક્કે મળતાં 10 વર્ગોની 500 સંખ્યા, N.S.S. છાત્રાલય, સ્ટાફ, પ્રાથમિક વિભાગ વગેરે શરૂ થયાં. 1984માં જ્યારે શાળા છોડી ત્યારે 850 ઉપર સંખ્યા, બે માળનું ભવ્ય મકાન, વિશાળ લાઈબ્રેરી, વિશાળ પ્રયોગશાળા, ઉદ્યોગ ખંડ, જલધારા, સેનિટેશન, બોટનિકલ ગાર્ડન, 500 વૃક્ષોનો ઉછેર, પપૈયાનો પ્લોટ, વિશાળ મેદાન, કમ્પાઉન્ડ વોલ વગેરે સુવિધા નિર્માણ થઈ.

શાળાના ચિત્રશિક્ષક, જેની કલા મોડાસા બાલમંદિરમાં જોયેલ, તેમને શિણોલ હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષક તરીકે જોડાવા ઓફર કરી. તેમણે સ્વીકારી. ત્રણ માસમાં જગા ભરી. શાળાની દિવાલોને બોલતી કરી. યુવક મહોત્સવ, વિજ્ઞાનમેળામાં મોડેલ નિષ્ણાત મળ્યા. ચિત્રશિક્ષક શાળાની જણસ બન્યા. શ્રી ડી.એમ. સુથાર, ચિત્રશિક્ષકની અદ્ભુત ચિત્રકળાથી બાળકો, ચિત્રકામ, મોડેલ વર્ક, રંગકામ, પેઇન્ટિંગ, વેસ્ટમાંથી બેસ્ટ શીખ્યા. ઉમંગી શિક્ષક ફોટોગ્રાફી શીખી, શાળામાં ફોટોગ્રાફરની

ઊણપ પૂરી કરી. તેમની આવડતને પ્રાધાન્ય આપી, કેન્દ્ર સરકાર, દિલ્હી દ્વારા રજૂ થતા ટેબ્લોમાં જિલ્લાના "કલા પ્રતિનિધિ" તરીકે મોકલ્યા. તેમણે બનાવેલ એલિફન્ટનું મોડેલ ઇનામપાત્ર ઠર્યું. તેમને કલ્ચરલ સેન્ટરથી પ્રમાણપત્ર, મોમેન્ટો આપી બહુમાન થયું. ત્રણ વર્ષ દિલ્હીમાં પસંદગી પામ્યા. યુવા વયે સમાજની સેવા અર્થે જતાં અકસ્માતનો ભોગ બન્યા. ઓમ શાંતિ. એમનો દીકરો યશસ્વી ફોટોગ્રાફર બન્યો.

શાળાની વિદ્યાર્થિની શાંતા ચમાર, મારી દીકરી જિજ્ઞાસા ત્રિવેદી સાથે ભણતી. પ્રાથમિકમાં શિક્ષિકા શાંતાબેનને, શાંતા ચમાર માતૃભાવથી માન આપતી. શાંતા ચમાર મારી દીકરી જોડે ભણી, M.A., M.Ed. થઈ શિક્ષિકા બની. મારી દીકરી M.A., M.Ed., Ph.D. થઈ બી.એડ્. કોલેજની પ્રિન્સિપાલ બની. શાંતાના બા-બાપુ અમને તેના માબાપ ગણી માન આપતાં. શાંતા બ્રહ્મચર્ય પાળી, આજે સંતની ભૂમિકામાં 'સંત મૂળદાસ' નામ ધારણ કરી, સેવકોને પ્રેરણા આપે છે. ચમારની દીકરી બ્રહ્મ સંસ્કાર પામી.

શાળાની કચ્છી પટેલની દીકરીઓ કબડ્ડીની રમતમાં તાલુકા, જિલ્લા, રાષ્ટ્ર કક્ષાએ રમતી. વ્યાયામ શિક્ષક C.P.Ed. હતા. ઉ.મા.માં D.P.Ed. શિક્ષક નીમવાના હતા. શાળાના વિદ્યાર્થી કે.એસ. પટેલ અન્ય જિલ્લામાં ફાજલ પડતાં શિણોલમાં તેમને ઓર્ડર અપાવી, નીમ્યા. શાળામાં સવારે યોગાભ્યાસ શરૂ કર્યો. વહેલી સવારે 25-30 વિદ્યાર્થીઓ અને ગામના યુવકો જોડાયા. શાળાની દીકરીઓ બાલકબડ્ડી, મહિલા કબડ્ડી અને યુવા કબડ્ડીમાં ત્રણે કક્ષાએ તાલુકા, જિલ્લા, રાજ્ય કક્ષાએ વિજેતા બની. ત્રણ દેશોમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમી આવી.

એક વિદ્યાર્થિની ભાવના પટેલ બાળવયે વિધવા થતાં, નિરાશ થયા વિના, ગ્રેજ્યુએટ થઈ. ઇન્ટરનેશનલ લેવલે કબડ્ડી પ્રમાણપત્રના આધારે પોલીસ કોન્સ્ટેબલ તરીકે પસંદગી પામી. ટૂંક સમયમાં P.S.I. બની, આજે વલસાડમાં P.I. તરીકે પોલીસ ખાતામાં ફરજ બજાવી ગૌરવ પુરસ્કાર પામી છે. વ્યાયામ શિક્ષકનો પ્રભાવ બાળકો માટે પ્રેરણારૂપ બન્યો છે. શાળામાં N.S.S. અને સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિને લઈ, બાળકો મદ્રાસ ખાતે નેશનલ જામ્બોરીમાં જઈ આવ્યા. બંને વ્યાયામ શિક્ષકો પ્રેરણામૂર્તિ બન્યા. શિક્ષકને પ્રેરણા આપો, તેની છાતી ગજગજ ફૂલશે.

શાળાની પ્રાર્થના પ્રવૃત્તિથી પ્રેરાઈ એક દલિત વિદ્યાર્થી, ગીતા સ્મરણ કરતો થયો. તેજસ્વી હતો. મામલતદાર થયો. પછી I.A.S. થઈ, કલેક્ટર, કમિશનર, રેવન્યુ ખાતામાં ઉપસચિવ થઈ, નિવૃત્ત થયા. શ્રી કે.ડી. કાપડિયા નિવૃત્ત I.A.S.. એવા બીજા દલિત વિદ્યાર્થી વિપુલ મેસરીયા તેજસ્વી છાત્ર હતા. છાત્રાલયમાં રહેતા. આજે તે I.F.S. (ઇન્ડિયન ફોરેન સર્વિસ)માં જોડાઈ, વિદેશ એલચી કચેરીમાં સેવા કરી. દિલ્હી સ્ટાફ ટ્રેઇનિંગ કોલેજમાં સેવા બજાવી નિવૃત્ત થયા. મારી સ્થળ બદલી બાદ ચાર શિક્ષકો ક્રમશઃ આચાર્ય પદે સેવા બજાવી નિવૃત્ત થયા. ધન્યવાદ. પૂર્વ વિદ્યાર્થી પ્રિ. વિજય દાણી, લિંભોઈ શાળામાં આચાર્ય થયા. લેખક બન્યા.

હવે વાત ઈલોલ હાઈસ્કૂલમાં શિક્ષકને પ્રેરણા દેતાં પરિણામ મળ્યાં. 1984માં શિણોલ છોડી, માતૃસંસ્થા ઈલોલની પડતી જોતાં, કેળવણી મંડળના અતિઆગ્રહથી ઈલોલ હાઈસ્કૂલમાં આચાર્ય પદે જોડાયો. જોકે મારા વિદ્યાર્થી જ પ્રમુખપદે, મંત્રીપદે હતા. ત્યાં ભણેલા પાંચથી સાત શિક્ષકો, ક્લાર્ક મારા પૂર્વ વિદ્યાર્થીઓ હતાં. મારે માટે રમત વાત હતી !

માથાના દુઃખાવારૂપ, રાજીનામું મેળવી, છૂટા કરાયેલા આચાર્ય અને કેળવણી મંડળના હોદ્દેદાર ગંભીર કાયદાકીય ગૂંચમાં ફસાયા હતા. મારી સિદ્ધાંતનિષ્ઠાને ભોગે, માત્ર કેળવણી મંડળના આગ્રહથી બંનેને સત્રાંતે મુક્તિ અપાવી. આચાર્ય નજીકના બીજા જિલ્લામાં ગોઠવ્યા. હોદ્દેદાર મુક્ત થઈ ગયા !

શાળામાં સંખ્યા ઘટી ગઈ હતી. શાળા વગોવાતી જતી હતી. મારે કડક હાથે કામ લેવું પડ્યું. ધોરણ 11-12 હાયર સેકન્ડરીની મંજૂરી મેળવી. સત્વરે માન્યતા મળી. છાત્રાલયની માન્યતા મેળવી, શરૂ કર્યું. પ્રવેશદ્વાર, દાતાના સહયોગથી સુંદર બનાવ્યું. ઉત્તમ લાયબ્રેરી, કોમ્પ્યુટર વગેરે સુવિધા ઊભી કરી. નિત્ય પ્રાર્થનાથી માંડી, શાળા છૂટ્યા બાદ 1 મિનિટ સાયલન્સ બેલ સુધી શિસ્ત જળવાયું. શાળામાં છ બ્લેકબોર્ડ રહેતાં, જે લગભગ કોરાં રહેતાં.

શાળાના પૂર્વ વિદ્યાર્થી, ભૂતપૂર્વ ક્લાર્ક, શિક્ષક ઈસ્માઈલ લોઢાના મોતીના દાણા જેવા સુંદર હસ્તાક્ષર હતા. રંગીન ચોક-ડસ્ટર આપી, બ્લેકબોર્ડમાં સુવિચાર, પ્રસંગરંગ, શાળાની રોજનિશી, વિજ્ઞાન ફલક, શ્રેષ્ઠ વર્ગ, શ્રેષ્ઠ વિદ્યાર્થી બોર્ડમાં લખાતાં રહ્યાં. શિક્ષકમિત્રો સક્રિય બની રહ્યા. દર શનિવારે માહિતી બદલાતી. સુપરવાઇઝર રાવલ કાવ્યો લખતા થયા. શ્રી લોઢાએ સુવિચાર

3000 જેટલા, લાયબ્રેરી વગેરે સામયિક તથા પુસ્તકોમાંથી મેળવી નોટબુકો ભરી. અંગ્રેજી, હિન્દી, ગુજરાતી સુવિચારોનો સંગ્રહ થયો. મેં તેની તે સુવિચારો અને પ્રસંગરંગને "સુવિચારોનું વૃંદાવન - વિદ્યાકુંજ" પુસ્તક સ્વરૂપે "પ્રકાશક" તરીકે મારું નામ અને "સંપાદક" તરીકે ઈસ્માઈલ લોઢાના નામે 6000 પ્રત છપાવી. તે વખતે રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તરીકે (1989માં) તથા મા.શિ. બોર્ડના સભ્યપદે હોઈ, રાજ્યની તમામ શાળાઓમાં, જિલ્લા આચાર્ય સંઘો દ્વારા લેવાતી શાળા પરીક્ષા સમિતિ દ્વારા, શાળાઓને નજીવી કિંમતે પ્રતો રાજ્યની માધ્યમિક, ઉ.માધ્યમિક શાળાઓમાં પહોંચાડી.

શિક્ષક ઈસ્માઈલ લોઢાને રાજ્ય કક્ષાનું સંપાદન, સંપાદક તરીકે માન મળ્યું. ઈલોલ હાઈસ્કૂલના ચાર શિક્ષકોએ, મારા ગયા બાદ આચાર્યપદે શાળામાં સેવા બજાવી. શાળાને પૂર્ણ વિકસિત બનાવી. 1993માં હિંમત હાઈસ્કૂલ, હિંમતનગરના પ્રિન્સિપાલ પદે, કેળવણી મંડળના નિમંત્રણથી જોડાયો. ઈલોલની વિદ્યાર્થીની હબીબા થાવરા (મુસલમાન દીકરી) હિંમતનગર મારા ઘરે રહી ધોરણ 11-12 સાયન્સ અને કૉલેજમાં B.Sc. ભણી, ફર્સ્ટ ક્લાસ ડિસ્ટિંક્શન મેળવી, મુસ્લિમ સમાજનું ગોલ્ડ મેડલથી સન્માન પામી. આજે ઈલોલ હાઈસ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહમાં શિક્ષિકા છે. વળી શાળાના પૂર્વ વિદ્યાર્થી અને પૂર્વ તેજસ્વી પ્રિન્સિપાલ શ્રી જી.એસ. દેધરોટિયા ચિંતક, લેખક છે.

જૂન 1993માં હિંમત હાઈસ્કૂલ, હિંમતનગરમાં કેળવણી મંડળના આગ્રહથી, મંત્રીશ્રીએ રૂબરૂ મળી, નિમંત્રણ પાઠવ્યું. ચાર વર્ષ, નિવૃત્તિ સુધી ફરજ બજાવી, 1997માં નિવૃત્ત થયો. સ્ટાફનો આગ્રહ હતો, પણ તેમને મિટિંગમાં મેં સ્પષ્ટ જણાવ્યું કે, "મારે મોટા કેન્દ્રની જરૂર નથી. કેળવણી મંડળને નિષ્ઠાવાન મેનેજરની જરૂર હોય તો સામેથી મને નિમંત્રણ મળે તો જ જોડાઉં..." અને તેમ થયું. સ્વમાનની શરતે હું જોડાયો. જૂન 12ને બદલે 1 જૂનથી હાજર થઈ જરૂરી સુવિધા નિર્માણ કરી. મંડળ જોડે ચર્ચા કરી. ડેડસ્ટોક પત્રકો અપડેટ કર્યાં. પ્રયોગશાળાઓ, લાયબ્રેરી, કાર્યાલય, પ્રિન્સિપાલ ઓફિસ, શાળાબાગ વગેરે સુવિધાયુક્ત બનાવ્યાં. ફર્નિચર રીપેરિંગ, નવી ખરીદી કરકસરપૂર્વક કરી !

સુપરવાઇઝર, સિનિયર ટીચર્સ, ક્લાર્કની એડવાન્સ મિટિંગ કરી. ટીચર્ચ લોગબુક, સુપરવિઝન બુક, નવી વીસલ ખરીદી. એડવાન્સ ટાઈમટેબલ, પાઠ્યપુસ્તક સેટ વગેરે શિક્ષક મુજબ

તૈયાર કર્યું. આગલા દિવસે સ્ટાફ મિટિંગ મળી. હળવો નાસ્તો કરી છૂટા પડ્યા. શાળા પ્રારંભે મસ્ટર-રોલમાં સહી કરવા, પ્રિન્સિપાલની ઓફિસ આવતા. તે સમયે જ પ્રથમ દિને, ટાઈમટેબલ, પાઠ્યપુસ્તક, શૈક્ષણિક સાધન યાદી વગેરે શિક્ષકોને આપી દીધાં. પ્રાર્થના, સંગીત સાથે તાલબદ્ધ, હરોળમાં બેસી, પ્રારંભ થયો. વર્ગમાં બેસતાં સાયલન્સ બેલ વાગે. વર્ગશિક્ષક વર્ગમાં નાવિન્યના સંચાર થયાના અણસારે પામ્યા.

પ્રથમ સ્ટાફ મિટિંગ એજન્ડા સાથે થયેલી. મેં કહેલું કે, "હું સંગઠનનો આગેવાન છું. તમારા હક્કો, હિતોનું રક્ષણ અવશ્ય થશે. પણ એ ન ભૂલતાં કે હું તમારો બૉસ પણ છું." અનિયમિતતા નહીં ચાલે.' સમજુ, વફાદાર, સંસ્થાપ્રેમી શિક્ષકોને ખૂબ ગમ્યું. ચાલુ શાળાએ ટપાલ, સેવિંગ, વીમો, શેર વગેરે કામો બંધ થતાં ગયાં. વર્ષમાં ચાર સીમાંકનો યશદાયી બન્યાં.

- 52 વર્ષથી ટોકન રેન્ટથી ચાલતું શાળાનું 64 ખંડવાળું સ્ટેટ વખતનું મકાન અને ગ્રાઉન્ડ, બોર્ડ અને સરકાર સાથે સંપર્કો કરી, કેળવણી મંડળને ચાર કરોડની પ્રોપર્ટી, પાંચ લાખમાં સરકારે આપી. મકાન કે મંડળ હસ્તગત થયું. કેળવણી મંડળને મકાન ભાડું મળતું થયું. (પ્રક્રિયા 3 વર્ષ ચાલી)
- ઈચ્છુક શિક્ષકોને "વિપશ્યના ધ્યાન શિબિર"માં મોકલ્યા. વર્તન પરિવર્તન થયું. ભરતભાઈ દરજી કડક વિજ્ઞાનશિક્ષક, નમ્ર બન્યા. વિદ્યાર્થીઓને પ્રવાસે લઈ જઈ પ્રાયોગિકતા વધારી. વિદ્યાર્થીપ્રિય બન્યા. પુત્ર દત્તક અપાવવાની યોજના હાથ ધરી ઉત્તમ સમાજસેવા કરી.
- શાળાના વિજ્ઞાન પ્રવાહના તેજસ્વી વિદ્યાર્થી આનંદ પટેલ I.A.S. અધિકારી બન્યા. કચ્છમાં કલેક્ટર તરીકે સેવા બજાવે છે. નિરવ સોની યુનાઈટેડ કિંગ્ડમ (U.K.)માં હાર્ટના વાલ્વનું સંશોધન કર્યું. તેના શિક્ષક મા-બાપને ત્યાંની સરકારે ઇંગ્લેન્ડ બોલાવી સન્માન કર્યું. વિદ્યાર્થીઓ ડૉક્ટર, એન્જિનિયર, અધિકારી, પદાધિકારી, અધ્યાપક થયા. તમામ શિક્ષકોની સર્વિસબુકો અપડેટ કરી. વયનિવૃત્તિ ટાણે પડતી મુશ્કેલી, વિલંબ દૂર થયાં. વર્ષો જૂના ડેડસ્ટોક પત્રકો અપડેટ કરી. હયાત શૈક્ષણિક સાધનો જ નોંધમાં રાખી, બીજાં રદ કર્યાં. ઘણી મોટી રકમની આઈટમો રદ થઈ ગઈ. શિક્ષકોનું ટેન્શન ઘટ્યું. શિક્ષકોને પાઠ્યપુસ્તક મંડળમાં પરામર્શક તરીકે ગોઠવ્યા ! સ્ક્વોડ વગેરેમાં જતા થયા. બોર્ડની જાહેર પરીક્ષા "પરીક્ષાશુદ્ધિના પ્રયોગ"ને લઈ, થતી ચોરીઓ બંધ થતાં સમાજમાં

શાળાઓ વધુ પ્રતિષ્ઠિત બની. સંખ્યા ચાર હજાર સુધી પહોંચી ! આચાર્ય પદે શાળાના સિનિયર શિક્ષકને નિમણૂંક અપાવી, હું 1997માં વયનિવૃત્ત બન્યો. શાળામાં સ્કાઉટ રેલી, યુવક મહોત્સવો, રમતોત્સવ, વિજ્ઞાનમેળા, N.S.S.-શિબિરો, રોટરી ક્લબ દ્વારા પુસ્તકમેળા, જિલ્લા સારસ્વત સન્માન વગેરે યોજાયાં. પ્રાર્થના પ્રવૃત્તિથી એક ડૉક્ટર વાલી ખુશ થતાં, શાળાને "પ્રાર્થના પ્રીતિ" પુસ્તકની અમે તૈયાર કરેલી 5000 પ્રતો છપાવી આપી, શાળાને ભેટ ધરી. વાલીએ શાળાની કદર કરી.

પદ્મશ્રી ડૉ. ગુણવંત શાહ પ્રેરિત "પંચશીલ યાત્રા" સંમેલન યોજ્યું. ડૉ. ગીજુભાઈ ભરાડને દસ વર્ષ નિમંત્રી ધોરણ 10-12 વિજ્ઞાન પ્રવાહના બાળકો માટે માર્ગદર્શન શિબિર ટાઉનહોલમાં યોજી. જિલ્લાના ધોરણ 12 બોર્ડની પરીક્ષામાં ટોપ ટેનને દસ વર્ષ જાહેરમાં સન્માની ઈનામ, મોમેન્ટો, પ્રમાણપત્રથી સન્માન્યા. "શિક્ષણ શુદ્ધિ અભિયાન" દ્વારા જિલ્લાની શાળાઓમાં રાજ્યના શૈક્ષણિક વડીલોને નિમંત્રી 14 શાળાઓ બંધ કરાવી. "ભ્રષ્ટાચાર પ્રતિકાર મંચ" રચી શ્રી ખૈરનાર, શ્રી એન. વિઠ્ઠલ, શ્રી વાય.કે. અલઘને નિમંત્રી, ટાઉનહોલમાં પ્રવચનોથી પ્રજાને જાગૃત કરી.

વયનિવૃત્તિ બાદ, દસ વર્ષે વતનની પ્રજાની વિનંતીને માન આપી "સમરસ સરપંચ" પદે દસ વર્ષ રહી, ગામની શિક્ષણ, આરોગ્ય અને ગ્રામવિકાસ ક્ષેત્રે કાયાપલટ કરી. ગામમાં 25 વર્ષથી "ગ્રામ ગ્રંથાલય સહ સાંસ્કૃતિક કેન્દ્ર" ચાલે છે. નિવૃત્તિ, સમાજસેવા માટે આશીર્વાદરૂપ નીવડી. અનેક યુવક-યુવતીઓના પ્રેરક બનવાની તક મળી. જ્ઞાતિ-સમાજસેવામાં ત્રણ દાયકા સુધી સેવાની તક મળી. રાજ્ય 'સમન્વય' દ્વારા શિક્ષણની જ્યોત પ્રકાશી છે. સ્કાઉટ ગાઇડમાં રાજ્ય કક્ષાએ હોદ્દો દિપાવ્યો.

આમ હિંમત હાઈસ્કૂલ, હિંમતનગરમાં છેલ્લાં ચાર વર્ષ મારે માટે શિક્ષણ, સ્કાઉટ ગાઇડ યુવક સેવા, સમન્વય, સમાજસેવા માટે યશદાયી રહ્યાં. શિક્ષણ સમિતિ, બોર્ડ, યુનિવર્સિટી સેનેટની સેવા કરી. આચાર્ય નિષ્ઠા, પ્રતિબદ્ધતા, પ્રામાણિકતા, સક્રિયતા દાખવે તો જરૂર સમાજનું કલ્યાણ થાય. 1967માં લીધેલ પાંચ પ્રતિજ્ઞા - ખાદી પહેરીશ, સરકારી એવોર્ડનો અસ્વીકાર, રાજકારણથી દૂર, જિલ્લામાં સેવા, પ્રામાણિક જીવન - પાંચે પ્રતિજ્ઞાઓનું 87મા વર્ષે પણ પાલન થતું રહ્યું છે.

**"People respect us only for two reasons - Either we have power or our behaviour is helpful. First is temporary. Second one is permanent."**

## છાત્રના દફ્તરમાં શિક્ષાપત્રી હોય, છરી નહીં...!
## છાત્રના હાથમાં શાસ્ત્ર શોભે શસ્ત્ર નહીં...!

**વિઠ્ઠલ વઘાસિયા**
નિવૃત્ત પ્રિન્સિપાલ,
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, રાજકોટ,
મોબાઈલ : 9824827909

શિક્ષણ એ માનવજીવનનું સૌંદર્ય છે. શાળા એટલે જ્ઞાનનું મંદિર અને શિક્ષક એટલે માર્ગદર્શક. પરંતુ આજના યુગમાં દુઃખદ વાત એ છે કે જે શાળા પ્રેમ, સહાનુભૂતિ અને સંસ્કારનું ધામ હોવી જોઈએ, ત્યાં હિંસા, હત્યા અને ગુસ્સાના બનાવો વધતા જાય છે. ઘણીવાર અખબારો અને સમાચાર ચેનલોમાં સાંભળવા મળે છે કે વિદ્યાર્થી ગુસ્સામાં આવી શિક્ષકને મારી નાખે છે અથવા તો મિત્ર વિદ્યાર્થીને જ છરી કે ગન વડે જાનથી મારી નાખે છે. આવા બનાવો ફક્ત વ્યક્તિગત દુર્ઘટના નથી, પરંતુ સમગ્ર સમાજ માટે ચેતવણી છે.

વિદેશ કલ્ચર ભારતમાં વિકસી રહ્યું છે.પેન પેન્સિલની સાથે બાળકનું ગન કે છરી લઈને સ્કૂલમાં જવું એ ઘટના સૌ કોઈ વાલીઓ માટે કે સમાજ ચિંતકો માટે આંખ ઉઘાડનારી ઘટના છે.વળી તંત્ર વિદ્યાર્થીનું દફ્તર ચેક કરી ન શકે એ પણ કેવું ?

આવી ઘટના હવે વધતી જાય છે.વિદેશમાં આ બાબત સામાન્યછે.દેશના અન્ય રાજ્યોમાં પણ આવી ઘટનાના સમાચાર વાંચવા મળતા.હવે ગુજરાત પણ એ હરોળમાં આવી ગયું.

ટીન એજર્સ બાળકો આ હદ સુધી જઈ શકે છે,એ વાતથી ધ્રુજી જવાય છે. સમાજ સ્તબ્ધ છે.

જ્યારે જ્યારે આવી ઘટના બને છે,ત્યારે દોષનો ટોપલો શિક્ષકો ઉપર ઢોળી દેવામાં આવે છે. બાળકના બગડવા પાછળ માત્ર ને માત્ર શિક્ષકને જ દોષિત ગણવામાં આવી રહ્યા છે. આત્મખોજ કરવાનો વિષય છે. બાળકને સંસ્કારી બનાવવો એ ખૂબ જ અઘરી પ્રક્રિયા છે અને એ પ્રક્રિયામાં ૭૫ ટકા વાલી અને ૨૫ ટકા જ શિક્ષકો જવાબદાર છે. પરિવાર સાથે ૧૯ કલાક રહીને બાળક સંસ્કાર અને સદગુણ મેળવે છે અને માત્ર પાંચ કલાક શાળામાં રહે છે. જ્યાં શિક્ષકો શક્ય તેટલું મોલ્ડિંગ કરી અપડેટ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરતા હોય છે.ને વળી બાળકને ખીજાઈને કે શારીરિક શિક્ષા કરીને બાળકની કુટેવ સુધારવા માટે તો શિક્ષક લાચાર હોય છે.જો કોઈ શિક્ષક ભૂલે ચૂકે પણ આવું કરે તો માબાપ કાયદા દ્વારા શિક્ષકને જેલમાં ધકેલી દે છે.

ઘર એ બાળક માટે પ્રથમ શાળા છે. જો ઘરમાં ઝઘડા, તણાવ, દારૂ-નશાના દ્રશ્યો, માતા-પિતાની

અવગણના કે સંતાનો સાથે સમય વિતાવવાનો અભાવ હોય,તો બાળક અંદરથી એકલું પડી જાય છે. આવી એકલતા ઘણીવાર ગુસ્સા અને હિંસાના સ્વરૂપે બહાર આવે છે.માતા-પિતાએ સંતાનો સાથે રોજ વાતચીત કરવી જોઈએ. સંતાનોને પૂરતો સમય આપવો જોઈએ.

આજના સમયમાં પેઢી વચ્ચે સંસ્કારનું અંતર વધી રહ્યું છે. જીવનમૂલ્યો, માનવતા અને સંવેદના નબળી પડી રહી છે.

બાળકોની નાની સમસ્યાઓને પણ ગંભીરતાથી સાંભળવી જોઈએ. તેમને પ્રેમ, સહાનુભૂતિ અને ધીરજ સાથે માર્ગદર્શન આપવું જોઈએ. ગુસ્સા કરતાં સંવાદનો માર્ગ અપનાવવો જોઈએ. શાળાઓમાં કાઉન્સેલિંગ સેલ હોવું જોઈએ, જ્યાં વિદ્યાર્થીઓ ખુલ્લેઆમ પોતાની વાત કહી શકે. શિક્ષકો માત્ર શીખવાડનાર નહીં, પણ માર્ગદર્શક અને મિત્ર તરીકે વર્તે.

નૈતિક શિક્ષણ, જીવન મૂલ્યો, આધ્યાત્મિક પ્રવચનો અને સંસ્કાર આધારિત કક્ષાઓ અનિવાર્ય બનાવવી જોઈએ. રમતગમત, સંગીત, કલા અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓના ઉર્જા-પ્રવાહને સકારાત્મક દિશામાં વાળવા જોઈએ.

શિક્ષણનું સાચું લક્ષ્ય ફક્ત નોકરી કે કારકિર્દી બનાવવું નથી, પરંતુ માનવતા, સંવેદના અને શાંતિ સ્થાપિત કરવાનું છે. વિદ્યાર્થીએ પોતાના હાથમાં શસ્ત્ર નહીં, શાસ્ત્ર લેવું જોઈએ. પુસ્તક, પેન અને જ્ઞાન - એ જ તેનું સાચું હથિયાર છે. વિદ્યાર્થીના દફતરમાં શિક્ષાપત્રી હોય,છરી નહીં...!

જો પરિવાર, શાળા અને સમાજ મળીને પ્રયત્ન કરે, તો ચોક્કસ ભવિષ્યમાં શાળાઓ ફરી એકવાર સાચા અર્થમાં જ્ઞાન અને પ્રેમના મંદિર બની જશે. ત્યાં હિંસા નહીં, પરંતુ મિત્રતા, સહાનુભૂતિ અને શાંતિની સુગંધ ફેલાશે.

દેખાદેખી અને સ્પર્ધાને લીધે મા બાપ અને ખાસ કરીને માતા આવી ઊંચી ફી વાળી શાળાઓમાં બાળકને પ્રવેશ કરાવે છે અને આવી હાઈફાઈ સ્કૂલમાં પોતાનું બાળક ભણે છે એનું ગૌરવ લે છે,

તેમની સામે આજે સરકારી શાળાઓમાં ઉચ્ચ લાયકાત ધરાવતા અને ક્યારેય બદલી ન થાય એવા શિક્ષકો હોય છે. અરે હવે તો નવી ભરતીમાં પીજી થયેલા અને પીએચડી થયેલા શિક્ષકો પણ ભણાવી રહ્યા છે. એટલું જ નહિ બલકે અંતરિયાળ બોર્ડર પરના પછાત વિસ્તારના ગામમાં તો શિક્ષકો શાળાના બાળકોને હાથ પગના નખ કે માથાના વાળ પણ કાપી આપવામાં સંકોચ અનુભવતા નથી. અમુક વિસ્તારમાં તો વિદ્યાર્થીઓ સ્નાન કર્યા વગર જ શાળામાં આવે છે, ત્યારે શિક્ષકો શાળામાં જ નવડાવે છે. સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત હવે તો પ્રાથમિક શાળાઓના બિલ્ડીંગ પણ કોર્પોરેટ કચેરીઓ જેવા બની ગયા છે. પર્યાવરણીય પરિસરથી શોભતા આ બિલ્ડિંગોમાં ટેકનોલોજીના તમામ પ્રકારના સાધનો અને સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

: ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર :

# School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- **વિદ્યાર્થીની ફી ના તમામ રિપોર્ટ**
- ફોટો કેપ્ચરિંગ/ આઈ કાર્ડ
- પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- **નવીન સેમેસ્ટર સિસ્ટમ પદ્ધતિ**
- કર્મચારીઓની પગારની તમામ વિગત

અમારા અન્ય સોફ્ટવેર

- **OMR Solution (OMR Sheet Scanner)**
- સ્કૂલ એકાઉન્ટીંગ સિસ્ટમ
- ઇન્કમટેક્સ કેલ્ક્યુલેશન સિસ્ટમ
- લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ
- સ્કૂલ એડમિનિસ્ટ્રેટીવ ફોર્મ્સ(હાઉસઓફ ફોર્મ્સ માત્ર ૯૯૯/-)
- **Online Examination (MCQ) System**

**SMS Facility :** આ સુવિધાની મદદથી વિદ્યાર્થીના વાલીને સોફ્ટવેર દ્વારા ફી,હાજરી,જન્મદિવસ,તેમજ પરિણામ, ટેસ્ટને લગતા ઓટો જનરેટેડ તેમજ **Customized SMS** થઇ શકશે.

**OMR Solutions :**



- એક જ મીનીટ માં ૪૦ થી ૫૦ ઉત્તરવહીનું પરિણામ તૈયાર થઇ શકે છે. (Self assessment)
- શાળા પોતાની જરૂરિયાત મુજબ OMR Sheets જાતે તૈયાર કરી શકે છે અને જાતે પ્રિન્ટ કરી શકે છે.
- જો ઓછા પ્રશ્નોની પરીક્ષા લેવાની હોય તો OMR Sheet Half Pageની પ્રિન્ટ કરી શકાય છે.
- તૈયાર થયેલા પરિણામને Excel માં લઇ શકાય છે.(Export Facility)
- દરેક વિદ્યાર્થીના ઉત્તરપત્ર આપોઆપ તપાસાઈ જશે તેથી મૂલ્યાંકન કાર્યવાહી ઝડપી બનશે.

❖ ફિંગર પ્રિન્ટ એન્ડ ટાઈમ એટેન્ડન્સ સિસ્ટમ



* તમામ સરકારી/બિનસરકારી ઓફિસો કે શાળાઓ,બેંક છાત્રાલય વગેરે માટે આ સિસ્ટમની મદદથી કર્મચારીઓના ઓફિસમાં આવવા/જવાનો સમય આંગળી/અંગુઠાની મદદથી નોંધી શકાશે.ઓફીસ/શાળાનો સમય દિવસ તેમજ શીફ્ટ મુજબ સેટ કરી શકાશે.આ સિસ્ટમની મદદથી કર્મચારીઓની નિયમિતતાનો ખ્યાલ આવશે. છાત્રાલય:આ સિસ્ટમથી છાત્રાલયમાં બહારની કોઈપણ વ્યક્તિને પ્રવેશતી અટકાવી શકાશે.આ સિસ્ટમની મદદથી મસ્ટર, ડેઈલી ઇન-આઉટ, લેટ ઇન વગેરે જેવા ૪૫ રિપોર્ટ્સ પ્રિન્ટ કરી શકાશે.

❖ **Website Designing**

૨૭૦૦ થી પણ વધુ વેબસાઈટ અમારી દ્વારા તૈયાર કરાયેલ છે.

Unlimited Web Space
Right to Information Act ના પત્રકો, Annual Calender
All Details & History about schools with Photographs
All Details of Each Employee with Photographs
All Details of Each Trustee with Photographs
Toper List in board exam of 10th & 12th
Message from Principal ( Appeal )
Message from President or Managing Trustee ( Appeal )
Photographs of Activities & Function arranged in school.
Student Result , Presence, Fee Details
School Login For Upload Photos and Other Detail.




## કોઈ પણ સોફ્ટવેર ખરીદતા પહેલા અમારા સોફ્ટવેરનો ડેમો અવશ્ય નિહારો

**Aum Imagineering Pvt. Ltd.**
602/603-A, Shapath-1, Opp.Rajpath Club
S.G.Highway, Ahmedabad – 380015, Gujarat(Ind)
(M) : 9825847773/7600001219
(Ph): 079 – 26870704, 079 – 40054004

# નર્મદા અને મહીસાગર જિલ્લા અધિવેશન





















# નવા મંત્રી મંડળની મુલાકાત









રવાના :

**શ્રી અમિત આર. પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, ______________________

______________________

______________________

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, ભાનુપ્રસાદ એ. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.